# ALLEN RAJKOT

ALLEN Results Validated by

Official result validator

EY

Shape the future with confidence

## JEE MAIN 2026 (SESSION-1)

# CHAMPIONS

સતત 7માં વર્ષે, એલન રાજકોટના સિંગલ કેમ્પસ માંથી સૌરાષ્ટ્રમાં સૌથી વધુ અને સર્વશ્રેષ્ઠ પરિણામ

GUJARAT TOPPER



100 %ile

NIMAY PUROHIT
ALLEN Rajkot Classroom Course

| Name | %ile | Course |
|---|---|---|
| RUDRA PETHANI | 99.983 %ile | Classroom Course |
| HARSHIL DESAI | 99.968 %ile | Classroom Course |
| PRIYANSHU MARU | 99.960 %ile | Classroom Course |
| VYOM JOSHI | 99.953 %ile | Classroom Course |
| HITARTH DOSHI | 99.948 %ile | Classroom Course |
| DAKSH PARMAR | 99.945 %ile | Classroom Course |
| TANMAY BAKHAI | 99.933 %ile | Classroom Course |
| JINANSH PATEL | 99.886 %ile | Classroom Course |
| JAITRA CHAUHAN | 99.868 %ile | Classroom Course |
| MANAN GOHIL | 99.814 %ile | Classroom Course |
| SHYAM MAKADIA | 99.812 %ile | Classroom Course |
| JAYAK CHHAG | 99.810 %ile | Classroom Course |
| PARANSH TYAGI | 99.751 %ile | Classroom Course |
| KRISHN VAGADIA | 99.710 %ile | Classroom Course |
| KARM KALARIYA | 99.639 %ile | Classroom Course |
| MADHUR BHATT | 99.625 %ile | Classroom Course |
| PRATYUSH PARMAR | 99.617 %ile | Classroom Course |
| ATISHAY JAIN | 99.617 %ile | Classroom Course |
| NISHIL PARSANIA | 99.605 %ile | Classroom Course |
| GRETA MODI | 99.557 %ile | Classroom Course |
| SPARSH GOYAL | 99.508 %ile | Classroom Course |
| AADITYA VITHLANI | 99.499 %ile | Classroom Course |
| KATHAN KACHHI | 99.490 %ile | Classroom Course |
| DHRUV VEKARIYA | 99.472 %ile | Classroom Course |
| AMAN FEFAR | 99.372 %ile | Classroom Course |
| SHANVI JIVANI | 99.371 %ile | Classroom Course |
| RONIT KORADIYA | 99.283 %ile | Classroom Course |
| KRUNAL MORI | 99.219 %ile | Classroom Course |
| PRANSHU BHUPTANI | 99.199 %ile | Classroom Course |
| DHAIRYA NALODE | 99.183 %ile | Classroom Course |
| MANAN DESAI | 99.159 %ile | Classroom Course |
| RUDRA RANA | 99.111 %ile | Classroom Course |

**33** Students Overall 99 %ile Above.

Student mentioned is from full time classroom course.

એલન ગુજરાત દ્વારા ગુજરાતમાં સૌથી વધુ અને સર્વશ્રેષ્ઠ પરિણામ

- **26** Students Overall 99.90 %ile Above.
- **99** Students Overall 99.50 %ile Above.
- **173** Students Overall 99 %ile Above.
- **268** Students Overall 98 %ile Above.
- **494** Students Overall 95 %ile Above.


THEY MADE IT POSSIBLE WITH ALLEN,
NOW IT'S YOUR TURN.

**ADMISSIONS OPEN**

JEE | NEET | OLYMPIADS | CLASSES 6TH TO 10TH

For test dates & course start dates visit website or nearest centre.

ALLEN RAJKOT 89513 95095

Yuvraj Complex, Opp. Sayaji Hotel, Vrindavan Society Main Road, Kalawad Road, Rajkot | allen.ac.in/rajkot

SIGN UP FOR ASAT

GET UP TO 90% SCHOLARSHIP*

Test Dates 01 & 08 March 2026

*Subject to the scholarship rules and the T&Cs.

ALLEN

86906 60111

allen.in

Disclaimer: We provide an academic ecosystem and environment to prepare students for their target examinations. Studying in a coaching institute does not guarantee selection for the examination. Selection depends on preparation, admission seats in competitive exam and the number of applicants appearing. All the students mentioned are part of paid courses.

### ગુરૂ-શિષ્યા વચ્ચેના સંબંધોને શર્મસાર કરતી બબ્બે ચોંકાવનારી ઘટના

# છાત્રાનો શિક્ષકે દેહ પીંખ્યો, બીજીની આચાર્યએ કરી છેડતી!

## ધોરણ-નવની વિદ્યાર્થીની સાથે દૂષ્કર્મ આચરી લંપટે ફોટા પાડ્યા અને બ્લેકમેઈલ પણ કરીઃ બીજી ઘટનામાં પેપર આપવા ગયેલી બાળા સાથે પ્રિન્સીપાલે કર્યા ચાળાઃ પોક્સો હેઠળ કાર્યવાહી

રાજકોટ,તા.૨૧

દૂષ્કર્મ, છેડતી, પજવણીની ઘટનાઓ અવાર-નવાર પોલીસ ચોપડે ચડતી રહે છે. પણ ઘણીવાર તો આવુ પીશાચી કૃત્ય એવા લોકો આચરતા હોય છે જે જાણીને સૌ કોઇ ચોંકી જતાં હોય છે. શિક્ષક અને શિક્ષણના ધામ એવા છે જેના પર વાલીઓને પુરો ભરોસો હોય છે. પોતાના સંતાનો અહિ સુરક્ષીત રહેશે અને તેમને ભણતર સાથે બીજુ સારુ જ્ઞાન પણ મળશે તેવી મનમાં ધારણા હોય છે. પરંતુ અમુક શિક્ષકો શિક્ષક-ગુરૂ મટીને શૈતાન-બળાત્કારી બની જતાં હોય છે. એક ચોંકાવનારી ઘટનામાં ધોરણ-૯ની છાત્રા પર શિક્ષકે બળાત્કાર ગુજારી લીધો છે. એટલુ જ નહિ ફોટા પાડી બ્લેકમેઈલીંગ પણ કરતો હતો. બીજી એક ઘટનામાં એક છાત્રાની ખુદ શાળાના પ્રિન્સીપાલે છેડતી કરી લીધી હતી.



વિગતો પર નજર કરીએ તો આ ઘટના ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના એક ગામે બની છે. જેમાં એક શિક્ષકે પવિત્ર ગણાતા ગુરૂ-શિષ્યના સંબંધને કલંકિત કરીને પોતાની જ શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચર્યુ છે. બળજબરીથી શારીરિક શોષણ કર્યા બાદ ફોટા પાડી લીધા હતા. જે બાદ બ્લેકમેઈલિંગનો ખેલ શરૂ કર્યો હતો. વારંવારની હેરાનગતિ અને શોષણના કારણે અંતે વિદ્યાર્થિનીના પરિવારે શિક્ષક વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. દુષ્કર્મના આ બનાવને પગલે સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને શિક્ષણ જગતમાં પણ ખળભળાટ મચી ગયો છે.

પોલીસ સુત્રોમાંથી મળેલી માહિતી અનુસાર ભોગ બનનાર સગીરા અગાઉ પ્રાથમિક શાળામાં ધોરણ આઠ સુધીનો અભ્યાસ કરતી હતી. તે સમયે જ તેની શાળામાં ફરજ બજાવતો શિક્ષક શૈલેષ રાઠવા વિદ્યાર્થિનીને હેરાન કરતો હતો. શિક્ષકની ખરાબ દાનતને કારણે સગીરા સતત માનસિક દબાણ હેઠળ રહેતી હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થિની ધોરણ નવમાં અભ્યાસ કરવા માટે સાવલી ખાતે ગઈ હતી. જોકે, સ્થળ બદલાવા છતાં પણ આ શિક્ષકે તેનો પીછો છોડ્યો નહોતો. સાવલી ગયા બાદ પણ શિક્ષક શૈલેષ રાઠવા તેને સતત પરેશાન કરતો રહ્યો હતો અને પોતાની હવસ સંતોષવા માટે નવા નવા પેતરા રચતો હતો.

આ પછી શિક્ષકના બદઈરાદાની શરૂઆત સામાન્ય અડપલાંથી થઈ હતી. ત્યારબાદ શિક્ષકે સગીરાના કેટલાક ફોટા પાડી લીધા હતા. આ ફોટાના આધારે તે સગીરાને સતત બ્લેકમેઇલ કરવા લાગ્યો હતો. ફોટા વાયરલ કરવાની ધમકી આપીને આ શિક્ષકે સગીરા સાથે દુષ્કર્મ આચર્યુ હતું. વારંવારની હેરાનગતિ અને શોષણના કારણે ભોગ બનનાર સગીરા અત્યંત ગભરાઈ ગઈ હતી. આ સમગ્ર મામલે જ્યારે સગીરાના પરિવારજનોને જાણ થઈ ત્યારે તેઓ ચોંકી ઉઠ્યા હતા. પરિવારે તાત્કાલિક ધોરણે આ બાબતે કાયદેસરની કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો હતો અને પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

સગીરાના પરિવાર દ્વારા ડાકોર પોલીસ મથકે શિક્ષક વિરૂધ્ધ વિગતો જણાવવામાં આવતા પોલીસે શિક્ષક શૈલેષ રાઠવા સામે પોક્સો સહિતની વિવિધ કડક કલમો હેઠળ ફરિયાદ નોંધી હતી. આ કેસની ગંભીરતાને ધ્યાને લેતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ તપાસમાં જોડાયા છે. હાલમાં આરોપી શિક્ષક પોલીસ પકડથી દૂર હોવાનું જણાય રહ્યું છે, જેને પકડવા માટે પોલીસે અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. આ ચકચારી બનાવ અંગે કપડવંજ ડીવાયએસપી વિક્રમસિંહ સોલંકીએ માહિતી આપતા જણાવ્યું હતુ કે, શિક્ષકે વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચર્યુ હતું. જે બાદ એના ફોટા પાડીને તેને બ્લેકમેઈલ કરી હોવાની વિગતો પ્રાથમિક તપાસમાં સામે આવી છે. આ ગંભીર ગુના સંદર્ભે કાયદેસરની ફરિયાદ નોંધી લેવામાં આવી છે અને ફરાર આરોપી શિક્ષકને ઝડપી પાડવા માટે પોલીસની ટુકડીઓ કાર્યરત કરવામાં આવી છે. આ અંગે શાળાના આચાર્ય પાસેથી જાણ થઈ કે આ શિક્ષક છેલ્લા દસ દિવસથી રજા પર ઉતરી ગયો છે. જેથી શિક્ષકના વતનમાં તપાસ હાથ ધરવામાં આવી છે.

બીજી એ ઘટના સામે આવી છે. જેમાં બોટાદના પાળિયાદ રોડ પર આવેલી ગર્લ્સ હાઇસ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીની ખુદ પ્રિન્સીપાલે છેડતી કરી છે. બાળા શાળામાં પેપર જમા કરાવવા ગઈ હતી અને બપોરે સાડા ત્રણ કલાકે નાની રિસેસમાં તેને કાગળો કાપવા માટે કાતરની જરૂર હોવાથી પ્રિન્સિપલની ઓફિસમાં કાતર લેવા માટે ગઈ ત્યારે શાળાના પ્રિન્સિપાલ દિનેશ પરશોત્તમભાઈ ભુવા કે જે પિસ્તાલીસ વર્ષનો છે અને બોટાદમાં રહે છે તેણે વિદ્યાર્થિનીનો હાથ પકડી તારે આગળ આ જ સ્કુલમાં અભ્યાસ કરવાનો છે તેમ કહી વિદ્યાર્થિની સાથે શારિરીક અડપલાં કર્યા હતા. આ દરમિયાન વિદ્યાર્થિની પ્રિન્સિપલથી છૂટીને બહાર આવી ઘરે પહોંચી ત્યારે ગુમસુમ રહેતી હોય જેથી તેણીની માતાએ પુછતા પુત્રીએ શાળાના આચાર્યએ કરેલી હરકત અંગે જાણ કરી હતી. જે બાદ વિદ્યાર્થિનીના વાલી તથા અન્ય કુટુંબીજનોએ શાળાએ જઈ શાળાના પ્રિન્સિપાલને વાત કરી અને સીસીટીવી કેમેરા જોવાની વાત કરતા કેમેરા જોવાની ના પાડી જ્ઞાતિથી અપમાનિત કર્યા હતા.

બાદમાં શાળાના ટ્રસ્ટીને લઈને પ્રિન્સિપાલની ઓફિસ ગયા તો સીસીટીવી કેમેરા જોતા નહી આવડતું હોવાનું જણાવી દીધું હતું. જે બાદ મહિલા હેલ્પલાઈનમાં ફોન કરતા પોલીસ આવી હતી. જે બાદ આ મામલે વિદ્યાર્થિનીના પિતાએ બોટાદ પોલીસ મથકમાં શાળાના પ્રન્સિપાલ દિનેશ પરષોત્તમભાઈ ભુવા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો તથા એટ્રોસિટીની જુદી-જુદી કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### ગાંધીવાદી યુવાનોએ ''VB-Ji Ram Ji'' ના સ્થાને જૂની રોજગાર ગેરંટી પુનઃસ્થાપિત કરવાની કરી માંગ

# પૂર્વાંચલમાં મનરેગા બચાવો કુચ

નવી દિલ્હી, તા. ૨૧

''ભાઈ, જ્યારે તમને ૧૦૦માંથી વીસ દિવસ પણ કામ મળતું નથી, તો તમે ૧૨૫ દિવસની વાત કરીને ગરીબોને કેમ ગેરમાર્ગે દોરી રહ્યા છો?'' આ શબ્દો ગામડાની મહિલાઓએ ઉત્તર પ્રદેશના પૂર્વાંચલમાં ''મનરેગા બચાવો'' પર સાયકલ યાત્રા પર નીકળેલા ગાંધીવાદી યુવાનોને કહ્યા હતા. આ મહિલાઓને સરકારની નવી રોજગાર યોજના, "VB-Ji Ram Ji" વિશે કોઈ ચોક્કસ માહિતી નથી.

નોંધનીય છે કે કેન્દ્રની મોદી સરકારે ૨૦ વર્ષ જૂના મનરેગા કાયદા (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ) ને વિકાસિત ભારત ગેરંટી ફોર એમ્પ્લોયમેન્ટ એન્ડ લાઇવલીહૂડ મિશન (ગ્રામીણ) (ટઇ-ઉંશ છ્ફળ ઉંશ) અધિનિયમ સાથે બદલી નાખ્યો છે.આ નવી યોજનાનો સંસદથી લઈને શેરીઓ સુધી વિરોધ થયો છે. આ વલણને ચાલુ રાખીને, વિવિધ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ, યુવા ગાંધીવાદી કાર્યકરો અને નાગરિક સમાજના સભ્યો છેલ્લા મહિનાથી ઉત્તર પ્રદેશના પૂર્વાંચલમાં સાયકલ દ્વારા એક મહિનાની ''મનરેગા બચાવો'' યાત્રા કાઢી રહ્યા છે.

૧૭ જાન્યુઆરીથી શરૂ થયેલી આ યાત્રામાં ભાગ લેનારા યુવાનો કહે છે કે તેમની યાત્રા દરમિયાન તેઓ છ જિલ્લાઓઃ ગોરખપુર, દેવરિયા, બલિયા, મઉ અને ગાઝીપુરના ૨૫૦ થી વધુ ગામડાઓ સુધી પહોંચ્યા છે. તેઓએ ૧,૧૦૦ કિલોમીટરથી વધુનું અંતર કાપ્યું છે. તેઓ દરરોજ ૭-૮ ગામડાઓ અને ૩-૪ મુખ્ય બજારોની મુલાકાત લેતા, મનરેગા વિશે માહિતી ધરાવતા પત્રિકાઓનું વિતરણ કરતા હતા. તેઓ કહે છે કે આ યાત્રાને ગ્રામીણ લોકોનો સંપૂર્ણ ટેકો મળ્યો અને તેમના સહયોગથી જ પૂર્ણ થઈ છે. વારાણસીના દરબારમાં સ્થિત આંબેડકર પાર્ક ખાતે ગાંધીવાદી યુવાનોએ વિરોધ અને ઉપવાસ કર્યા હતા. ગાંધીવાદી યુવાનો કહે છે કે સરકારે આ નવી યોજનાનું નામ જ નહીં, પરંતુ તેનું ફોર્મેટ અને બજેટની રૂપરેખા પણ બદલી નાખી છે. અને સરકારે ૨૦૧૪ ની શરૂઆતમાં જ આ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી હતી, જેના હેઠળ મનરેગાને પહેલા નબળી પાડવામાં આવી હતી અને પછી નાબૂદ કરવામાં આવી હતી.






બનારસ હિન્દુ યુનિવર્સિટીના વિદ્યાર્થી મૃત્યુંજય મૌર્યએ જણાવ્યું હતું કે આ યાત્રા ૧૭ જાન્યુઆરીએ ગોરખપુરના ચૌરી ચૌરાથી શરૂ થઈ હતી અને ૧૭ ફેબ્રુઆરીએ વારાણસીમાં આંબેડકર પ્રતિમા સ્થળ પર એક દિવસના ઉપવાસ સાથે સમાપ્ત થઈ હતી. આ યાત્રામાં તેમની સાથે દિલ્હી, અલ્હાબાદ, લખનૌ અને ગોરખપુર યુનિવર્સિટીના લગભગ બે ડઝન ગાંધીવાદી વિદ્યાર્થીઓ હતા. તેઓએ એક મહિના સુધી ઘણા દૂરના ગામડાઓમાં પ્રવાસ કર્યો, સ્થાનિક લોકોને સરકારની નવી રોજગાર યોજના અને તેની ખામીઓ વિશે શિક્ષિત કર્યા. તેઓએ હસ્તલિખિત પત્રિકાઓનું વિતરણ કર્યું, અને તેમને કામ કરવાના તેમના અધિકાર માટે બોલવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

મૃત્યુંજય કહે છે કે, ''હું પોતે એક પછાત પરિવારમાંથી આવું છું, તેથી હું આવા પરિવારોને પડતી મુશ્કેલીઓ સમજું છું. ગરીબ ગ્રામીણ મજૂરોને કામની જરૂર છે જેથી તેઓ ગામમાં રહી શકે અને પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવી શકે. લાંબા સંઘર્ષ પછી મનરેગા દ્વારા આ શક્ય બન્યું હતું, પરંતુ તે ધીમે ધીમે નબળું પડી ગયું અને આખરે સંપૂર્ણપણે નાબૂદ થઈ ગયું.''

આ યાત્રામાં ભાગ લેનાર સામાજિક કાર્યકર નીતિ પોતાનો અનુભવ શેર કરતા કહે છે કે, શહેરોની ચમક-ઝગમગાટથી દૂર ગરીબ ગ્રામીણ લોકોની દુનિયા મૂળભૂત જરૂરિયાતો માટે સંઘર્ષની છે, ખાસ કરીને મહિલાઓ માટે. આ જ કારણ હતું કે મોટી સંખ્યામાં મહિલાઓ મનરેગા હેઠળ કામ કરવા માટે આગળ આવી. આ કાયદાએ તેમને આત્મનિર્ભરતાની ભાવના આપી, જેનાથી તેઓ પોતાની અને પોતાના પરિવારની સામાન્ય જરૂરિયાતો સખત મહેનત દ્વારા પૂરી કરી શક્ય છે. જોકે, સરકારે હવે તેને નાબૂદ કરી દીધી છે, જેનાથી તેમની આજીવિકા છીનવાઈ ગઈ છે.

''મનરેગા કાયદાને નબળો પાડવાનું કાવતરું પહેલેથી જ ઘડવામાં આવ્યું હતું'' મૃત્યુંજય અને નીતિ બંને સમજાવે છે કે મનરેગા હેઠળ કામ કરતા ગામડાના મજૂરો, પુરુષો અને સ્ત્રીઓ બંને, નવા કાયદાથી સંપૂર્ણપણે વાકેફ નથી. દરમિયાન, છેલ્લા કેટલાક વર્ષોમાં, મનરેગાને પાયાના સ્તરે એટલું નબળું પાડી દેવામાં આવ્યું છે કે સામાન્ય સર્વસંમતિ બનાવવી સરળ છે કે કાયદો ભ્રષ્ટાચાર સાથે છે. આ માર્ચમાં ભાગ લેનારા અન્ય ઘણા ગાંધીવાદી યુવાનો સમજાવે છે કે મનરેગા હેઠળ લોકોને ભાગ્યે જ વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી મળે છે. મોટાભાગના લોકો ૩૦-૪૦ દિવસની રોજગારી મેળવવા માટે પણ સંઘર્ષ કરે છે. લોકો પાસે જોબ કાર્ડ છે, પરંતુ કોઈ બીજું તેમના વેતન વસૂલ કરી રહ્યું છે. ઘણા કિસ્સાઓમાં, વ્યક્તિના નામનો ઉપયોગ થઈ રહ્યો છે, અને કામ કોઈ બીજાને આપવામાં આવી રહ્યું છે. આ સ્થિતિમાં, મનરેગા અંગે લોકોમાં નકારાત્મક વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. હવે ઘણા લોકોને લાગે છે કે તે બંધ થઈ ગયું છે તે ઠીક છે. ઘણા યુવાનોએ જણાવ્યું હતું કે સ્થાનિક ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના કાર્યકરો શહેરી વિસ્તારોમાં નવી યોજનાનો જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે અને લોકોને તેના ફાયદા સમજાવી રહ્યા છે. જોકે, તેમની પાસે કોઈ જવાબ નથી કે મનરેગામાં ભ્રષ્ટાચાર દૂર કરવામાં નિષ્ફળ રહેલી સરકાર નવી યોજના સાથે તેને કેવી રીતે દૂર કરશે. બજેટ ફાળવણી અંગે રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચેના ઝઘડા વચ્ચે સામાન્ય મજૂરોની આજીવિકાનું શું થશે તેનો તેમની પાસે કોઈ જવાબ નથી. તેમની પાસે એ પણ કોઈ જવાબ નથી કે કેન્દ્ર સરકાર સ્થાનિક રોજગાર પ્રોજેક્ટ્સ પર કેટલું નિયંત્રણ રાખશે અને સ્થાનિક વહીવટને કેટલી સ્વતંત્રતા આપશે.

## ગાય ભારતની ધાર્મિક, આધ્યાત્મિક સાંસ્કૃતિક ધરોહર : જીતુભાઇ વાઘાણી

રાજકોટ, તા.૨૧

રાજકોટના રેસકોર્સ ખાતે આયોજિત ત્રિ-દિવસીય 'ઇન્ડિયન કેટલ શો' ની આજરોજ બીજા દિવસે પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીએ મુલાકાત લીધી હતી. મંત્રીએ કેટલ શો ના આયોજન બદલ IFIZCI સંસ્થાને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, 'ઇન્ડિયન કેટલ શો' નો ગઈકાલે પ્રાકૃતિક ખેતીના ભગીરથી અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ના હસ્તે પ્રારંભ કરાયો છે. રાજ્યમાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાય તે માટે રાજ્યપાલ દેવવ્રતજી સક્રિય અભિયાન ચલાવી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીમાં ગાયનું છાણ અને મૂત્ર અતિ આવશ્યક છે, ત્યારે સૌ ખેડૂત મિત્રએ ગાયનું મહત્વ સમજી પશુપાલન તરફ વધુને વધુ જોડાવા મંત્રીએ અપીલ કરી હતી.

મંત્રી વાઘાણીએ ગાયને દેશની ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક ધરોહર ગણાવી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત અને સ્વદેશી અભિયાનને સાર્થક કરવામાં ગાયના ઉત્પાદનને અહેમિયત આપી કિશાન અને પશુ પાલકોને ગાયોના માધ્યમથી જોડાવા હાકલ કરી હતી.



ગાયોના જતન અને સંવર્ધન માટે ગૌશાળાઓ, સામાજિક સંસ્થાઓની સાથોસાથ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય સરકાર દ્વારા તમામ સહયોગ આપવાની મંત્રીએ જીતુભાઈએ કટિબદ્ધતા દર્શાવી હતી.

આ તકે તેમણે આપણી ગીર ગાયને બ્રાઝીલ સહીત વિશ્વભરમાં પ્રસિદ્ધિ અપાવવા બદલ ભાવનગરના રાજવી કૃષ્ણકુમારસિંહજી ને ખાસ યાદ કર્યા હતાં. વધુમાં ગુજરાત સહીત અન્ય રાજ્યમાંથી પ્રદર્શન અર્થે આવેલા ખેડૂત, માલધારીઓનો દેશી ગાયના જતન અને સંવર્ધનમાં સહયોગી બનવા બદલ મંત્રીએ ખાસ આભાર માન્યો હતો.

મંત્રી વાઘાણીએ કેટલ શો ના પ્રારંભે ભાવપૂર્વક ગૌ પૂજન કર્યુ હતું. ત્યારબાદ મંત્રીએ પ્રદર્શનની મુલાકાત લઇ વેપારી- ઉત્પાદકો અને પ્રદર્શનમાં દેશી ગાયો સાથે પધારેલા ખેડૂતો અને પશુપાલકો સાથે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો.

### જ્યાં ખાધુ હોય એની જ થાળીમાં થૂંકવાની કેટલાકને હોય છે કૂટેવ

# બાપ-બેટાએ આંગડીયા પેઢીના અડધો કરોડ કર્યા ચાઉં

## વ્યવહારોમાં ગરબડ ગોટાડા કરી રકમ ઉસેડી લીધીઃ પેઢી માલિકને ખબર પડતાં તેને છેડતીના કેસમાં ફસાવી દેવાની ધમકી દીધીઃ બાપ-બેટા સહિત ત્રણ વિરૂધ્ધ દાખલ થઇ ફરિયાદ

રાજકોટ,તા.૨૧

છેતરપીંડી, ગઠીયાગીરી, વિશ્વાસઘાતની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. અમુક તો જ્યાં નોકરી કરતાં હોય ત્યાં જ દગાખોરી કરતાં હોય છે. આવી ઘટનાઓ અગાઉ પણ બની ચુકી છે. ત્યાં હવે એક બાપ-બેટાએ મળી પોતે જ્યાં કામ કરતાં હતાં તે આંગડીયા પેઢીને જ અડધો કરોડનો ચૂનો લગાવી દીધો છે. એક તો રૂપિયા ખાઈ ગયા હતાં અને માથે જતાં પેઢીના માલીકને છેડતીના કેસમાં ફસાવી દેવાની ધમકી દીધી હતી. પેઢીના માલિકે ડર રાખ્યા વગર પોલીસને જાણ કરતાં પોલીસે એફઆઈઆર દાખલ કરી આ બંને ઠગ બાપ-બેટાને ઝડપી લેવાની કાર્યવાહી હાથ ધરી હતી.




સવા તેર કરોડના હીરા બઠ્ઠાવીને ભાગ્યોઃ બાર કરોડ ક્રિકેટ સટ્ટામાં હારી ગયોઃ દલાલને પોલીસે બદોચ્યો

વિગતો પર નજર કરીએ તો આ ઘટના વડોદરાના વાડી સુલતાનપુરાની છે અહિ ચાલતી આંગડિયાપેઢીમાંથી રોજીંદો વ્યવહાર કરતા પિતા-પુત્રોએ બાવન લાખ ત્રેપન હજારના આંગડિયા કરાવી રૂપીયા ન ચુકવતા ત્રણેય સામે વિશ્વાસઘાતનો ગુનો દાખલ થયો છે. માલિક રૂપીયા લેવા જતા આરોપીઓએ મહિલાના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. સોમભાઈ રામદાસ પટેલ આંગડિયાપેઢીના માલિક છાંસઠ વર્ષના જગદિશ પટેલની ઓફિસમાં બળવંતસિંહ સરતાજી ચાવડા મેનેજર છે. પેઢીમાં અગાઉ પુત્ર રાજેશ વિહોલ અને પિતા અમૃતજી વિહોલ નોકરી કરતા હતાં. પિતા-પુત્ર પેઢીમાંથી રોજીંદો વ્યવહાર કરતા હતાં. જેથી તેમની ઉપર વિશ્વાસ હતો.

જેના પગલે રાજેશ વિહોલ મોબાઈલ પર જ આંગડીયું મોકલવાનું હોય કે આંગડીયું લેનારનું નામ અને તેને રકમનું આંગડીયું કરી દેતા હતાં. દરમિયન રાજેશ અને ઉપેનના રૂા.૧૮.૨૭ લાખ બાકી હતાં. છતાં પેઢી મારફતે બન્નેવે મુંબઈ ખાતે રૂા.૩૦ લાખ, બિલીમોરા ખાતે રૂા.૩.૯૯ લાખનું આંગડીયુ કરાવ્યું હતુ. રાજેશ અને ઉપેન્દ્ર વિહોલનો હિસાબ આંગડીયા પેઢીમાં રૂા.૫૨.૩૩ લાખ થયો હતો. જે રકમ આંગડીયા પેઢીને લેવાની બાકી રહેતી હતી. છેતરપિંડીમાં રાજેશ વિહોલ સુત્રધાર છે. તેનો ભાઈ ઉપેન અને પિતા અમૃત વિહોલે પેઢીના માલિકને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી.

રાજેશ છત્તીસગઢના રાયપુરથી હવાલા કરાવતો હતો. તે વડોદરા આવીને બીલીમોરા-મુંબઈમાં હવાલો કરાવી ગયો હતો. જેની તપાસ પોલીસ કરી રહી છે. હાલ રાજેશ વોન્ટેડ છે. હવાલાની રકમના ઉપયોગ વિશે પણ પોલીસે તપાસ શરૂ કરી છે. ઉપેન અને અમૃત વિહોલને બીએનએસ ૩૫ હેઠળ નોટીસ આપીને પોલીસ મથકમાં હાજર થવાનું જણાવ્યું છે. રાજેશ વોન્ટેડ છે. જો પોલીસ મથકમાં આરોપીઓ હાજર નહી થાય તો ધરપકડ કરવામાં આવશે. હવાલાની પણ તપાસ કરાશે વાડી પોલીસ મથકના ઈન્સપેક્ટર ડી. ડી. ચાવડાએ કહ્યું કે હાલ આ પ્રકરણમાં રાજેશ ઉર્ફે રાજુ અમૃતજી વિહોલ, ઉપેન ઉર્ફે મુન્નાભાઈ અમૃતજી વિહોલ અને અમૃતજી દોલાજી વિહોલ સામે ગુનો દાખલ કરી આગળ તપાસ શરૂ કરવામાં આવી છે. બીજી તરફ સુરતમાં ત્રણ હીરાના વેપારીઓ પાસેથી તેર કરોડ બત્રીસ લાખના હીરા દલાલે વેચાણ માટે કલક્તા, હૈદરાબાદ અને મુંબઈના વેપારીઓને આપવાના નામે બારોબાર વેચી મારી કરોડોની રકમ ઓહયા કરી ગયો હતો. બાર કરોડ તે ક્રિકેટના સટ્ટામાં હારી ગયો હતો. આ ગુનામાં હીરાદલાલ છેલ્લા ૨ મહિનાથી ભાગતો હતો. હીરા દલાલ સાહીલ શાહ પત્નિને મળવા માટે પોતાના ઘરે આવ્યો હતો. પકડાયેલા હીરા દલાલનું નામ સાહીલ હસમુખ શાહની ઈકો સેલે તેની ધરપકડ કરી કોર્ટમાંથી રિમાન્ડ મેળવ્યા છે. હીરાદલાલે ૧૩.૩૨ કરોડના ૩ વેપારીઓના હીરા કોને વેચાણ કર્યા અને તે રૂપિયા શું કર્યુ તે બાબતે તપાસ શરૂ કરી છે. વધુમાં હીરા દલાલ સાહીલ શાહ હીરાના વેપારી અલ્પેશ શાહ પાસેથી ૫.૮૬ કરોડ, પ્રેમલ શાહ પાસેથી ૬.૫૦ કરોડ અને ધીરૂ દીયોરા પાસેથી ૯૫.૭૪ લાખના હીરા લઈ ગયો હતો.

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 209 Dt. 22-02-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




### સુપ્રિમની ઝાટકણી બાદ ટ્રમ્પ સરકારે વધાર્યો તો ૧૦ ટકા ટેક્સ

# ટ્રમ્પની અવળચંડાઈ, ૧૦ નહીં ૧૫ ટકા ટેરીફ

## યુએસ સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ વહીવટી તંત્રને મોટો ફટકો આપ્યાના દિવસ બાદ જ જાહેરાત, વિશ્વમાં ખળભડાટ

નવીદિલ્હી, તા. ૨૧

યુએસ સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી એક દિવસ પછી, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વૈશ્વિક ટેરિફ ૧૫% સુધી વધારી દીધા. ટ્રમ્પે શનિવારે જાહેરાત કરી કે તેઓ વૈશ્વિક ટેરિફ ૧૦% થી વધારીને ૧૫% કરશે. તેમણે આ પગલાને ''કાયદેસર રીતે યોગ્ય'' ગણાવ્યું અને કહ્યું કે તે યુએસ હિતોનું રક્ષણ કરવા માટે જરૂરી છે. યુએસ સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ વહીવટીતંત્રને મોટો ફટકો આપ્યાના એક દિવસ પછી આ જાહેરાત કરવામાં આવી છે. ૬-૩ ના નિર્ણયમાં, કોર્ટે ચુકાદો આપ્યો કે રાષ્ટ્રપતિ પાસે કટોકટી કાયદા, ઇન્ટરનેશનલ ઇમરજન્સી ઇકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA) હેઠળ તમામ આયાત પર ટેરિફ લાદવાનો અધિકાર નથી.

કોર્ટના નિર્ણયના કલાકો પછી, ટ્રમ્પ મીડિયા સમક્ષ હાજર થયા અને નવા ટેરિફની જાહેરાત કરી. તેમણે જણાવ્યું કે હાલના રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત ટેરિફ (કલમ ૨૩૨) અને પહેલાથી જ લાદવામાં આવેલા સેક્શન ૩૦૧ ટેરિફ યથાવત રહેશે. તેમણે કલમ ૧૨૨ હેઠળ વધારાના ૧૦% વૈશ્વિક ટેરિફ લાદવાના આદેશ પર હસ્તાક્ષર કરવાની પણ જાહેરાત કરી.

સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ, ટ્રમ્પે ઓછા જાણીતા અને ભાગ્યે જ ઉપયોગમાં લેવાતા યુએસ કાયદા (કલમ ૧૨૨) હેઠળ યુનાઈટેડ સ્ટેટ્સમાં થતી બધી આયાત પર ૧૦% વૈશ્વિક ટેરિફની જાહેરાત કરી. આ કલમ રાષ્ટ્રપતિને ૧૫૦ દિવસ માટે ૧૫% સુધીના ટેરિફ લાદવાનો અધિકાર આપે છે, જે પછી તેમને કોંગ્રેસ દ્વારા મંજૂરી મળવી આવશ્યક છે, જેનો અર્થ એ છે કે આ ઉકેલ કામચલાઉ છે. જો કે, એવી શક્યતા છે કે ટ્રમ્પ કાયદા ઘડનારાઓને છેતરી શકે



છે. જમણેરી વિચારધારા ધરાવતા કેટો ઇન્સ્ટિટ્યૂટના જણાવ્યા અનુસાર, આ કલમ રાષ્ટ્રપતિને ૧૫૦ દિવસની મર્યાદા સમાપ્ત થયા પછી નવી કટોકટી જાહેર કરવાથી સ્પષ્ટપણે પ્રતિબંધિત કરતી નથી. વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ મૂળભૂત આંતરરાષ્ટ્રીય ચુકવણી સમસ્યાઓને ઉકેલવા અને યુએસ વેપારને ફરીથી સંતુલિત કરવા માટે કલમ ૧૨૨નો ઉપયોગ કરી રહ્યા છે. તેઓ એ પણ વિચારી રહ્યા છે કે શું તેઓ ૧૯૭૪ ના વેપાર અધિનિયમની કલમ ૩૦૧ હેઠળ ટેરિફ લાદી શકે છે. આ કાયદો યુએસ વેપાર પ્રતિનિધિ (હાલમાં જેમીસન ગ્રીર) ને અન્ય દેશોની વેપાર પ્રથાઓની તપાસ કરવાની અને જો તેઓ તેને ભેદભાવપૂર્ણ અથવા પક્ષપાતી માને તો ટેરિફ લાદવાની મંજૂરી આપે છે.

યુએસ વહીવટીતંત્ર ૧૯૬૨ ના વેપાર વિસ્તરણ અધિનિયમની કલમ ૨૩૨ હેઠળ ટેરિફ લાદવાનું ચાલુ રાખી શકે છે, જેનો ટ્રમ્પે તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન વ્યાપકપણે ઉપયોગ કર્યો હતો. આ જોગવાઈ ટ્રમ્પ વહીવટીતંત્રને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાતી આયાત પર ટેરિફ લાદવાની મંજૂરી આપે છે. જો કે, આ માટે પૂર્વ તપાસની જરૂર છે, તેથી આવા ટેરિફ લાગુ કરવામાં સમય લાગે છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મોટો ફટકો આપતા, સુપ્રીમ કોર્ટે શુક્રવારે તેમના વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા મોટા ટેરિફને રદ કર્યા. કોર્ટે કહ્યું કે રાષ્ટ્રપતિએ રાષ્ટ્રીય કટોકટીનો સામનો કરવા માટે કટોકટીની સત્તાઓનો ઉપયોગ કરીને પોતાના અધિકારનો દુરુપયોગ કર્યો. કોર્ટે કહ્યું કે ટ્રમ્પે મોટા વેપાર ટેરિફને ન્યાયી ઠેરવવા માટે રાષ્ટ્રીય કટોકટીઓને સંબોધવા માટે રચાયેલ કાયદાનો ઉપયોગ કર્યો, જે ન્યાયાધીશો માનતા હતા કે રાષ્ટ્રપતિની સત્તાની બહાર છે.

### ભારતના ખેડૂતોને નુકશાન ન થાય તેની ટ્રમ્પ ખાતરી આપે : કોંગ્રેસ

# ભારત-અમેરિકા વેપાર કરાર રદ કરો : જયરામ રમેશ

નવી દિલ્હી, તા.૨૧

અમેરિકન સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વૈશ્વિક ટેરિફ રદ કર્યા પછી, કોંગ્રેસે શનિવારે માંગ કરી હતી કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત-અમેરિકા વચગાળાના વેપાર કરારને મુલતવી રાખવો જોઈએ અને સોદાની શરતો પર ફરીથી વાટાઘાટો કરવી જોઈએ.

કોંગ્રેસના પ્રભારી સંદેશાવ્યવહાર મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે સરકારે સ્પષ્ટપણે કહેવું જોઈએ કે જ્યાં સુધી અમેરિકન પક્ષ તરફથી સ્પષ્ટતા ન આવે ત્યાં સુધી કોઈ આયાત ઉદારીકરણ નહીં થાય અને ભારતીય ખેડૂતોના હિતોને નુકસાન ન થાય તેની ખાતરી કરવી જોઈએ. રમેશે ભારત-અમેરિકા વચગાળાના વેપાર સોદા પર સરકાર પાસેથી સ્પષ્ટતા માંગતા આ સોદા પર ફરીથી વાટાઘાટો કરવાની હાકલ કરી. તેમણે મોદીને સ્પષ્ટતા કરવા કહ્યું કે શું તેઓ ટ્રમ્પના નિવેદન સાથે સહમત છે કે ભારત સાથેના વેપાર કરારમાં કોઈ ફેરફાર થતો નથી. ભારત-અમેરિકા વચગાળાના કરારથી ખેડૂતો પર પ્રતિકૂળ અસર થશે તે જણાવતા, રમેશે કહ્યું કે સરકારે સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી આ કરારને મુલતવી રાખવો જોઈએ. અમે માંગ કરીએ છીએ કે વડા પ્રધાન સ્પષ્ટપણે જણાવે કે સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી અમે આયાત ઉદારીકરણ હાથ ધરીશું નહીં અને ભારત તેની નીતિ પર પુનર્વિચાર કરે અને સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી આયાત ઉદારીકરણ કરવું જોઈએ નહીં. ૨ ફેબ્રુઆરીના રોજ, રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોદાની જાહેરાત કરતા કહ્યું કે તેઓ ખુશ છે કે સોદો થયો છે અને વડા પ્રધાનની વિનંતી પર આ તાત્કાલિક અમલમાં છે, આ ઘટનાઓનો ઘટનાક્રમ મહત્વપૂર્ણ છે. પહેલો પ્રશ્ન એ ઊભો થાય છે કે વડા પ્રધાન આ જાહેરાત કરવાની ઉતાવળમાં કેમ હતા. અમારું માનવું છે કે આ રાહુલ ગાંધીએ લોકસભામાં ચીન અને ભૂતપૂર્વ આર્મી ચીફ નરવણેના પુસ્તકનો મુદ્દો ઉઠાવતા કરેલા નિવેદન સાથે જોડાયેલું હતું. અમારું માનવું છે કે તેનાથી ધ્યાન ભટકાવવા માટે, મોદીએ ટ્રમ્પને આ જાહેરાત કરવા વિનંતી કરી હતી.

યુએસ સુપ્રીમ કોર્ટે શનિવારે ટ્રમ્પના વૈશ્વિક ટેરિફને ફગાવી દીધા, અને કહ્યું કે તે અમેરિકન બંધારણની વિરુદ્ધ છે. રમેશે કહ્યું કે, અમારો બીજો પ્રશ્ન એ છે કે જ્યારે પીએમ, વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ, ડિસેમ્બરથી જાણતા હતા કે હવે સુપ્રીમ કોર્ટનો ચુકાદો ગમે ત્યારે આવી શકે છે, ત્યારે ઘણા લોકો માનતા હતા કે તેને રદ કરી શકાય છે. જ્યારે તમને ખબર હતી કે ચુકાદો ટ્રમ્પ વિરુદ્ધ જઈ શકે છે ત્યારે તમે ઉતાવળમાં સોદો કેમ કર્યો? રમેશે કહ્યું કે, આયાત પર ૧૦ ટકા ટેરિફ લાદવામાં આવશે અને કાયદા મુજબ આ ૧૫૦ દિવસ માટે રહેશે. ટ્રમ્પે એમ પણ કહ્યું છે કે ભારત-અમેરિકા વેપાર સોદા માટે કંઈ બદલાયુ નથી. મોદીને પૂછવા માંગીએ છીએ કે શું તેઓ તેમના મિત્રના નિવેદન સાથે સહમત છે કે આ ચુકાદાની સોદા પર કોઈ અસર થશે નહીં.

# ટ્રમ્પ ટ્રબલ્સ : ૧૩૩ બિલિયન ડોલર કોને ? ક્યારે આપવા ?

## ટ્રમ્પ સ્વીકાર્યું કે ટેરિફ દ્વારા એકત્રિત કરેલા રૂપિયા કોર્ટના નિર્ણય બાદ પરત આપતા લાગી જશે બે વર્ષ

નવી દિલ્હી, તા.૨૧

યુએસ સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટને તેમના વ્યાપક કટોકટી ટેરિફને રદ કરીને મોટો ફટકો આપ્યો છે. પરંતુ આ ચુકાદાથી એક પ્રશ્ન અનુત્તરિત રહ્યો છે - સરકારે પહેલાથી જ ગેરકાયદેસર જાહેર કરેલા આયાત કરમાં એકત્રિત કરેલા ૧૩૩ બિલિયન ડોલરનું શું થશે?

ઇલિનોઇસના ગવર્નર જેબી પ્રિટ્ઝકરે, ટ્રમ્પને એક બિલ મોકલ્યું જેમાં તેમના રાજ્યના પરિવારો માટે લગભગ ૯ બિલિયન ડોલર ટેરિફ રિફંડની માંગ કરવામાં આવી હતી, જ્યારે સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રપતિના બહુચર્ચિત લેવીઓને ગેરકાયદેસર ઠેરવ્યા હતા. પ્રિટ્ઝકરે લખ્યું કે, તમારા ટેરિફ ટેક્સે ખેડૂતો પર વિનાશ વેર્યો છે. અમારા સાથીઓને ગુસ્સે કર્યા, અને કરિયાણાના ભાવ પર અસર થઈ, જો વળતર ન મળે તો આગળ કાનૂની કાર્યવાહી થઈ શકે છે.

યુએસ મીડિયા સાથે શેર કરાયેલા પત્રમાં, ડેમોક્રેટે દરેક ઇલિનોઇસ ઘર માટે લગભગ ૧૭૦૦ ડોલરનીની માંગ કરી હતી. પ્રિટ્ઝકરે રાજકીય અને શાબ્દિક બંને રીતે વળતર મેળવવાની માંગ કરી હતી. કંપનીઓ પણ રિફંડ માટે લાઇનમાં ઉભી રહી છે. પરંતુ આગળનો રસ્તો અસ્તવ્યસ્ત સાબિત થઈ શકે છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી, ગ્રાહકો જે કંપનીઓ દ્વારા ટેરિફનો ખર્ચ ચૂકવવામાં આવેલા ઊંચા ભાવ માટે રિફંડની આશા રાખી રહ્યા છે, પરંતુ તે થવાની શક્યતા ઓછી છે. ટીમ ટ્રમ્પે ઔપચારિક અને અનૌપચારિક રીતે વસૂલવામાં આવેલા ડ્યુટીના રિફંડનું વચન આપ્યું છે. પરંતુ વહીવટીતંત્ર કે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું નથી કે પ્રક્રિયા કેવી રીતે કાર્ય કરશે. સંભવિત રીતે ચુકવણીનો સ્કેલ વિશાળ છે. આ રિફંડ કુલ ૧૭૫ બિલિયન હોઈ શકે છે, જોકે તે સ્પષ્ટ નથી કે આખરે આ પૈસા કોને મળશે.

પરંતુ આ રકમ કંપનીઓ પાસે જ જવાની શક્યતા વધુ છે, કારણ કે યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે શંકા વ્યક્ત કરી છે કે સામાન્ય અમેરિકનો ક્યારેય સીધું વળતર મળશે નહીં. ટ્રમ્પે પોતે સ્વીકાર્યું કે કોઈપણ રિફંડ પ્રક્રિયામાં વર્ષો લાગી શકે છે. મને લાગે છે કે આગામી બે વર્ષ માટે તેના પર મુકદ્દમો ચલાવવો પડશે, આપણે આગામી પાંચ વર્ષ માટે કોર્ટમાં રહેવું પડશે.

ટ્રમ્પ દ્વારા નિયુક્ત ન્યાયાધીશ બ્રેટ કેવનોઘે નોંધ્યું કે સુપ્રીમ કોર્ટના ચુકાદામાં આજે કંઈ કહેવામાં આવ્યું નથી કે સરકારે આયાતકારો પાસેથી એકત્રિત કરેલા અબજો ડોલર પાછા આપવા જોઈએ કે નહીં અને જો એમ હોય તો કેવી રીતે. કેવનોઘે ચેતવણી આપી હતી કે રિફંડ પ્રક્રિયામાં 'ગડબડ' થવાની સંભાવના છે.



યુએસ કસ્ટમ્સ એજન્સીના ડેટા અનુસાર, ડિસેમ્બરના મધ્ય સુધીમાં ટેરિફમાં ૧૩૩ બિલિયન પહેલાથી જ એકત્રિત કરવામાં આવ્યા છે. પરંતુ જ્યારે આયાતકારો બતાવી શકે છે કે કોઈ પ્રકારની ભૂલ થઈ છે ત્યારે એજન્સી પાસે ડ્યુટી રિફંડ કરવાની પ્રક્રિયા છે. કાયદા પેઢી ડોર્સી અને વ્હીટનીના ભાગીદાર વેપાર વકીલ ડેવ ટાઉનસેન્ડે એસોસિએટેડ પ્રેસ સાથે વાત કરતા જણાવ્યું હતું કે, એજન્સી ટ્રમ્પના IEEPA ટેરિફ પરત કરવા માટે હાલની સિસ્ટમ પર નિર્માણ કરવાનો પ્રયાસ કરી શકે છે. ભૂતકાળમાં, અદાલતો દ્વારા કંપનીઓને વેપારના કેસોમાં તેમના પૈસા પાછા આપવાની વ્યવસ્થા કરવામાં આવી હોવાના દાખલા છે. ૧૯૯૦ ના દાયકામાં, અદાલતોએ નિકાસ પર બંદર જાળવણી ફીને ગેરબંધારણીય ગણાવીને ફગાવી દીધી હતી અને નિકાસકારો માટે રિફંડ માટે અરજી કરવા માટે એક સિસ્ટમ સ્થાપિત કરી હતી.

વેપાર વકીલો માને છે કે, આયાતકારોને પૈસા પાછા મળવાની શક્યતા છે. લો ફર્મ બ્રાયન કેવ લેઇટન પેસનરના ભાગીદાર, વેપાર વકીલ એલેક્સિસ અર્લીએ જોકે, દુઃખ વ્યક્ત કર્યું કે ફક્ત પ્રક્રિયાનું સંચાલન કરવું મુશ્કેલ હોવાને કારણે સરકારને ગેરકાયદેસર રીતે વસૂલવામાં આવેલી ફીને રોકી રાખવાનો અધિકાર નથી. કિંગ અને સ્પાલ્ડિંગના ભાગીદાર અને ભૂતપૂર્વ યુએસ વેપાર અધિકારી, રાયન મેજેરસે જણાવ્યું હતું કે સરકાર રિફંડની વિશાળ માંગ સાથે કેવી રીતે વ્યવહાર કરશે તે જાણવું મુશ્કેલ છે. તે પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો પ્રયાસ કરી શકે છે, કદાચ એક ખાસ વેબસાઈટ સ્થાપિત કરી શકે છે જ્યાં આયાતકારો તેમના રિફંડનો દાવો કરી શકે છે.

કોસ્ટકો, રેવલોન અને કેનમાં બનાવેલા સીફૂડ અને ચિકન ઉત્પાદક બમ્બલ બી ફૂડ્સ સહિત ઘણી કંપનીઓએ સુપ્રીમ કોર્ટના ચુકાદા પહેલાં જ રિફંડનો દાવો કરીને મુકદ્દમા દાખલ કર્યા છે. વધુ કાનૂની લડાઈઓ થવાની સંભાવના છે. ઉદાહરણ તરીકે, ઉત્પાદકો ટેરિફને આવરી લેવા માટે કાચા માલના ભાવમાં વધારો કરનારા સપ્લાયર્સને આપવામાં આવેલા કોઈપણ રિફંડના હિસ્સા માટે દાવો કરી શકે છે.

# રાજકીય શક્તિની નથી મહત્વકાંક્ષા : ભાગવત



RSSનું હિન્દુ એકતા અને ચારિત્ર્ય નિર્માણ પર જ ધ્યાન કેન્દ્રિત : સંઘ વડા

નવી દિલ્હી, તા.૨૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે સ્પષ્ટતા કરી કે સંગઠન રાજકીય શક્તિ માટે કોઈ મહત્વાકાંક્ષા રાખતું નથી. તેનું એકમાત્ર ધ્યાન સમગ્ર હિન્દુ સમાજને સંગઠિત કરવાનું અને મજબૂત વ્યક્તિગત ચારિત્ર્ય નિર્માણ કરવાનું છે. મેરઠના શતાબ્દી નગરમાં માધવ કુંજ ખાતે આશરે ૯૫૦ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને સંબોધતા, ભાગવતે ૫૦ મિનિટનું ભાષણ આપ્યું. તેમણે સામાજિક એકતાના મહત્વ પર ભાર મૂક્યો, અને કહ્યું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કોઈપણ જૂથના વિરોધમાં કે સ્પર્ધામાં કાર્ય કરતું નથી.

તેમણે યુવાનોને રાષ્ટ્રનિર્માણમાં સક્રિયપણે યોગદાન આપવા વિનંતી કરી અને માં તેની સ્થાપના પછી સંઘની લગભગ સદી લાંબી સફર અંગે વાત કરી હતી. ભાગવતે ભારતના સારને ફક્ત ભૌગોલિક સીમાઓ પાર કરીને, ભગવાન રામ, ભગવાન કૃષ્ણ, ભગવાન બુદ્ધ, ભગવાન મહાવીર, સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ અને મહાત્મા ગાંધી જેવા દિગ્ગજોથી પ્રેરણા લેવા કહ્યું હતું. તેમણે સમજાવ્યું કે ''હિન્દુ'' વિવિધતામાં એકતા દર્શાવે છે - તે જાતિ સાથે જોડાયેલ નથી - જ્યાં વિવિધ પૂજા પ્રથાઓ સંવાદિતાના સહિયારા સાંસ્કૃતિક પાયા પર છે. તેમણે નોંધ્યું કે સામાજિક એકતાને નબળી પાડવાથી ઐતિહાસિક રીતે રાષ્ટ્રીય કટોકટીઓ સર્જાઈ છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વડાએ ચાર સામાજિક સ્તંભો વર્ણવ્યાઃ મૂલ્યવાન શિક્ષણ, સનાતન સંસ્કૃતિ, ધર્મની ભાવના અને સત્યનું મૂર્ત સ્વરૂપ. તેમણે વિવિધ સામાજિક ક્ષેત્રોમાં સક્રિય સ્વયંસેવકો સાથે, હંમેશા રાષ્ટ્રીય હિતને પ્રાથમિકતા આપતા, વ્યક્તિગત વિકાસ દ્વારા હિન્દુ સમાજને મજબૂત બનાવવાના સંઘના મિશનનો પુનરોચ્ચાર કર્યો હતો. ખેતિવીરોને સંબોધતા, ભાગવતે રમતગમતને લોકોને એક કરવા માટે એક શક્તિશાળી સાધન ગણવતા કહ્યું કે રાષ્ટ્રનિર્માણ એ સમાજની સામૂહિક જવાબદારી છે, કોઈ એક સંગઠનની નહીં. તેમણે ૧૮૫૭ના પ્રથમ સ્વતંત્રતા યુદ્ધમાં મેરઠની મુખ્ય ભૂમિકાને યાદ કરી, જેણે પાછળથી RSS સ્થાપક કેશવ બલિરામ હેડગેવારને પ્રેરણા આપી હતી.

ભાગવતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાવામાં રસ ધરાવતા લોકો માટે પાંચ માર્ગદર્શક સિદ્ધાંતો શેર કર્યાઃ તેને અંદરથી સમજવું, તેના સહયોગીઓ સાથે જોડાવું, તેની પહેલોને ટેકો આપવો, ખુલ્લો સંવાદ જાળવી રાખવો અને રાષ્ટ્ર માટે નિઃસ્વાર્થપણે કામ કરવું.

આ કાર્યક્રમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ શતાબ્દી આઉટરીચ કાર્યક્રમોનો એક ભાગ છે. ભાગવત ઉત્તર પ્રદેશના પ્રવાસે છે, તેમણે તાજેતરમાં ગોરખપુર અને લખનૌની મુલાકાત લીધી હતી, જ્યાં તેઓ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને નાયબ મુખ્યમંત્રીઓને મળ્યા હતા. ઉપસ્થિતોએ આ કાર્યક્રમની પ્રશંસા કરી. અર્જુન પુરસ્કાર વિજેતા કુસ્તીબાજ અલકા તોમરે તેને ''ભવ્ય'' ગણાવ્યું અને રાષ્ટ્રીય પ્રગતિમાં તેમના અસરકારક યોગદાનની નોંધ લેતા RSS સ્વયંસેવકોના સંગઠનાત્મક કૌશલ્યની પ્રશંસા કરી હતી.

પેરા ક્રિકેટર સૂર્ય પ્રતાપ મિશ્રાએ પેરા એથ્લેટ્સ માટે ભાગવતના સમર્થનની પ્રશંસા કરી, જ્યારે કબડ્ડી કોચ પિન્ટુ મલિકે આ વાતચીતને પ્રેરણાદાયક ગણાવી, અને ખેલાડીઓ વચ્ચે પરસ્પર સમર્થન માટે આહ્વાન કર્યું હતું. ભાગવત ગુરુવારે રાત્રે મેરઠ પહોંચ્યા, શુક્રવારે સવારે ક્ષેત્રીય ચર્ચાઓ કરી અને શનિવારે બુદ્ધિજીવી પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવાના છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# પંચગવ્ય પ્રપંચગવ્ય

## કેટલ શો માટે અભિનંદની,પણ પ્રચારબાજ આખલાને હટાવજો



રાજકોટના આંગણે યોજાયેલો 'કેટલ શો' પશુપાલકો માટે પ્રોત્સાહક પગલું છે. પશુધન ભારતની આર્થિક ગતિશીલતા અને જનતાના આરોગ્ય માટે આશીર્વાદરૂપ છે. ગાય અને ભેંસ જેવા પ્રાણીઓ માત્ર દૂધ આપતા મશીન નથી, પણ ગ્રામીણ અર્થતંત્રના પાયા છે. શુદ્ધ પશુધન દ્વારા મળતું દૂધ અને ઘી માનવ શરીરને રોગમુક્ત રાખવામાં મદદ કરે છે. જ્યારે પશુઓને કુદરતી વાતાવરણમાં ઉછેરવામાં આવે છે, ત્યારે જ તેમની ક્ષમતા ખીલે છે. કૃત્રિમ ખોરાક કે દવાઓના વધુ પડતા પ્રયોગો પશુઓના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. પશુપાલનમાં કુદરતી પદ્ધતિઓ જ શ્રેષ્ઠ પરિણામ આપે છે.

આજના સમયમાં ગૌભક્તિના નામે ચાલતા 'બખડજંતર' ચિંતાનો વિષય છે. પવિત્ર ભાવનાનો ઉપયોગ અંગત સ્વાર્થ કે ખોટા પ્રચાર માટે થાય ત્યારે આસ્થા જોખમાય છે. પંચગવ્ય એટલે ગાયના પાંચ અમૃત તત્વો, પરંતુ બજારમાં હવે 'પ્રપંચગવ્ય'નો પગપેસારો થયો છે. પંચગવ્ય પ્રોડક્ટના નામે થતી છેતરપિંડી સામાન્ય માણસનો વિશ્વાસ તોડી રહી છે. નકલી ઉત્પાદનો વેચીને લોકોના સ્વાસ્થ્ય અને શ્રદ્ધા સાથે ખીલવાડ કરવામાં આવે છે. આ સ્થિતિમાં ગૌભક્તોએ જાગૃત બનવું પડશે. સાચી ભક્તિ એ પ્રદર્શન નથી, પણ ગૌવંશની નિઃસ્વાર્થ સેવા અને જાળવણી છે.

રાજકોટમાં આયોજિત કેટલ શો પશુઓની શ્રેષ્ઠ ઓલાદો બતાવવા માટે અભિનંદનીય છે. આવા આયોજનોથી ખેડૂતોને નવી ટેકનોલોજી અને પશુ સંવર્ધનની જાણકારી મળે છે. પરંતુ, આવા કાર્યક્રમોમાં 'પ્રચારબાજ આખલાઓ'નું દૂર રહેવું જરૂરી છે. જે લોકો માત્ર ફોટા પડાવવા કે પોતાનો પ્રભાવ જમાવવા ગૌસેવાનો ડોળ કરે છે, તેઓ પશુપાલનનો મૂળ હેતુ મારી નાખે છે. આયોજકોએ એ ખાતરી કરવી જોઈએ કે મંચ પાયાના કામ કરનારા પશુપાલકો માટે હોય, નહીં કે ખોટા પ્રચારકો માટે.

આસ્થા અતૂટ રહે અને બખડજંતરિયા દૂર રહે તેવી શુદ્ધ સ્થિતિ સ્થાપવી એ સમયની માંગ છે. પશુધનને કુદરતી રીતે જીવવા દો અને પંચગવ્યની પવિત્રતા જાળવી રાખો. જ્યારે ગૌસેવામાંથી પ્રપંચ દૂર થશે, ત્યારે જ પશુધન સાચા અર્થમાં આર્થિક આશીર્વાદ બનશે. રાજકોટના આ મેળાએ સમાજને પશુધનનું સાચું મૂલ્ય સમજાવવાની દિશામાં કામ કરવું જોઈએ.



# બાંગ્લાદેશ ભારત માટે વિઝા સેવાઓ કરશે શરૂ

## લાંબા સમયથી બંધ પડેલી ''ફ્રેન્ડશીપ બસ સેવા'', જે અગરતલા અને કોલકાતાને વાયા ઢાકા સાથે જોડે છે તે પણ શરૂ થશે

નવીદિલ્હી, તા. ૨૧

તારિક રહેમાન બાંગ્લાદેશના વડા પ્રધાન બન્યા પછી, ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં સુધારો થવા લાગ્યો છે. બાંગ્લાદેશે ભારત માટે વિઝા સેવાઓ ફરી શરૂ કરવાની જાહેરાત કરી છે.

આ પછી, લાંબા સમયથી બંધ પડેલી ''ફ્રેન્ડશીપ બસ સેવા'', જે અગરતલા અને કોલકાતાને વાયા ઢાકા સાથે જોડે છે, ૨૪ ફેબ્રુઆરીથી ફરી શરૂ થવાની તૈયારીમાં છે, જે સરહદની બંને બાજુના મુસાફરોને રાહત આપશે. આ સેવા એવા સમયે આવી છે જ્યારે વિદ્યાર્થી બળવો અને બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી (ઈગઙ) ના નેતૃત્વમાં સ્થિર સરકારની રચના પછી બાંગ્લાદેશમાં રાજકીય સ્થિરતા પાછી ફરી રહી છે. અગરતલાથી લોકો ફરી એકવાર ઢાકા થઈને કોલકાતા સુધી રોડ માર્ગે મુસાફરી કરી શકશે. બાંગ્લાદેશમાં મોટા બળવા પછીની અસ્થિરતાને કારણે આ સેવા સ્થગિત કરવામાં આવી હતી. ૫ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના રાજીનામા અને ત્યારબાદ વચગાળાની સરકારની રચના પછી અનિશ્ચિતતા વચ્ચે આ સેવા સ્થગિત કરવામાં આવી હતી. ભારત, ખાસ કરીને ત્રિપુરા, ઐતિહાસિક રીતે બાંગ્લાદેશ સાથે ગાઢ અને મૈત્રીપૂર્ણ સંબંધોનો આનંદ માણી રહ્યું છે. જો કે, તાજેતરના તણાવપૂર્ણ સંબંધો અને અસ્થિર રાજકીય વાતાવરણે મુસાફરો પરિવહન સેવાઓ સહિત સરહદ પારના વ્યવહારોને અવરોધ્યા છે.

પ્રધાનમંત્રી તારિક રહેમાનના નેતૃત્વમાં સ્થિર ઈગઙ સરકારની રચના બાદ, ભારત સાથે વિશ્વાસ અને સહયોગ પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ત્રિપુરા રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (ઝછઝઈ) ના ઉપાધ્યક્ષ સમર રોયે જણાવ્યું હતું કે, ''લાંબા સમય પછી, અગરતલાથી કોલકાતા વાયા ઢાકા સુધીની મૈત્રી બસ સેવા ફરી શરૂ થઈ રહી છે. આજે એક સફળ ટ્રાયલ રન હાથ ધરવામાં આવ્યો હતો, અને બધી જરૂરી તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી છે. હવે પુષ્ટિ થઈ છે કે સેવા ૨૪ ફેબ્રુઆરીથી ફરી શરૂ થશે.'' તેમણે વધુમાં જણાવ્યું હતું કે બસ સેવા અગરતલાથી મંગળવાર, ગુરુવાર અને રવિવારે ચાલશે, જ્યારે કોલકાતાથી અગરતલા સુધીની સેવા સોમવાર, બુધવાર અને શનિવારે ચાલશે. રોયે કહ્યું હતું કે, ''લાંબા અંતરાલ પછી આ સેવા ફરી શરૂ થવાથી બંને દેશો વચ્ચે મુસાફરી અને લોકો-થી-લોકોના સંપર્કમાં નોંધપાત્ર સુવિધા મળશે.'' મૈત્રી બસ સેવા ફરી શરૂ થવાને સામાન્યતા પુનઃસ્થાપિત કરવા અને પાયાના સ્તરે ભારત-બાંગ્લાદેશ સંબંધોને મજબૂત બનાવવા તરફના પ્રતીકાત્મક અને વ્યવહારુ પગલા તરીકે જોવામાં આવી રહી છે.

# AI સમિટમાં થયેલા હોબાળા અંગે કોંગ્રેસની ટીકા

## માયાવતી અને અન્ય ઘણા વિપક્ષી નેતાઓ ગુસ્સે : શર્ટલેસ પ્રદર્શનનો સખત વિરોધ




નવીદિલ્હી, તા. ૨૧

દિલ્હીમાં ચાલી રહેલા AI ઇમ્પેક્ટ સમિટ દરમિયાન ભારતીય યુવા કોંગ્રેસનો વિરોધ દેશભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. ચારેય વિરોધીઓને પાંચ દિવસ માટે પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. શાસક ભાજપ શર્ટલેસ પ્રદર્શનનો સખત વિરોધ કરી રહી છે, જ્યારે અનેક વિપક્ષી પક્ષોએ પણ પોતાની નારાજગી વ્યક્ત કરી છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને બસપાના વડા માયાવતીએ જગન મોહન રેડ્ડી સાથે મળીને કહ્યું કે યુવા કોંગ્રેસે AI સમિટમાં આપણા બધાને શરમજનક બનાવ્યા. ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને બહુજન સમાજ પાર્ટી (BSP)ના વડા માયાવતીએ શનિવારે સોશિયલ મીડિયા પર વિરોધની ટીકા કરતા કહ્યું, ''દિલ્હીમાં AI ઇમ્પેક્ટ સમિટમાં ભારત અને વિદેશના ઘણા અગ્રણી લોકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું, અને આ કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય સ્તરે હેડલાઇન્સમાં આવ્યો હતો. જે લોકો અર્ધ નગ્ન દેખાઈને પોતાનો ગુસ્સો વ્યક્ત કરતા હતા, જેમાં મોટાભાગે યુવા કોંગ્રેસના સભ્યો હતા, તેઓ અત્યંત અભદ્ર અને નિંદનીય છે.'' તેમણે વધુમાં કહ્યું, ''જો આ પરિષદ આંતરરાષ્ટ્રીય ન હોત, તો તે અલગ બાબત હોત, પરંતુ સમિટ દરમિયાન આવું વર્તન ચિંતાનો વિષય છે. જો આપણા દેશની ગરિમા અને છબીને કલંક ન લાગે તો તે યોગ્ય રહેશે.'' માયાવતીના આક્રોશના જવાબમાં, યુથ કોંગ્રેસે કહ્યું, ''તમે ભાજપ માટે બેટિંગ કરવાનું ચાલુ રાખો, અમે દેશ માટે લડીશું.'' યુથ કોંગ્રેસના વિરોધ અંગે, YSR કોંગ્રેસ પાર્ટીના નેતા અને આંધ્રપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વાય.એસ. જગન મોહન રેડ્ડીએ કહ્યું, ''ગઈકાલે AI સમિટમાં, યુથ કોંગ્રેસે આપણને બધાને શરમજનક બનાવ્યા. આપણું રાજકારણ ક્યાં જઈ રહ્યું છે? કોઈએ આપણા દેશને ઓછો ન ગણવો જોઈએ. આપણા રાજકીય મતભેદો ગમે તે હોય, આપણે હંમેશા વિશ્વ સમક્ષ એક થઈને ઊભા રહેવું જોઈએ.''

ભારત રાષ્ટ્ર સમિતિના વડા અને ભૂતપૂર્વ મંત્રી કેટી રામા રાવ (KTR) એ પણ વિરોધ પર નિરાશા વ્યક્ત કરી. તેમણે સોશિયલ મીડિયા પર કહ્યું, ''યુથ કોંગ્રેસે ક્ષુલ્લક રાજકીય યુક્તિઓ માટે AI ઇમ્પેક્ટ સમિટ પસંદ કરી તે ખૂબ જ ખરાબ છે. વિરોધ માટે આવા વૈશ્વિક પ્લેટફોર્મનો ઉપયોગ કરવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે આપણા મહાન દેશ, ભારતની છબી ખરાબ થશે.'' લોકશાહીમાં અલગ અલગ મંતવ્યો સામાન્ય છે, પરંતુ વિરોધ ક્યાં અને કેવી રીતે કરવો તે સમજવું મહત્વપૂર્ણ છે. રાજકીય મતભેદ માટે સમય અને સ્થળ હોય છે, અને આંતરરાષ્ટ્રીય સમિટ ચોક્કસપણે એક નથી. AI સમિટમાં યુવા કોંગ્રેસ દ્વારા થયેલા વિક્ષેપથી હું આઘાત અને નિરાશ છું. આ વૈશ્વિક પ્લેટફોર્મનો હેતુ ભારતના ઉભરતા નેતૃત્વને ઉભરતા AI સુપરપાવર તરીકે દર્શાવવાનો હતો. આવા મોટા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમને રાજકીય તમાશામાં ફેરવવાથી વિશ્વ સમક્ષ આપણી સામૂહિક સ્થિતિ ઓછી થાય છે.

# US સામે મોદી કરશે આત્મસમર્પણ : રાહુલ







ટ્રમ્પે ફરી એકવાર વિશ્વભરના દેશો પર ૧૦ ટકા ટેરિફ લાદવાની કરી જાહેરાત

નવીદિલ્હી, તા. ૨૧

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ પર હોબાળો ચાલી રહ્યો છે. આ હોબાળો ઓછો થવાના કોઈ સંકેત દેખાતા નથી. અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના ટેરિફને ગેરકાયદેસર જાહેર કર્યા છે. આ પછી, ટ્રમ્પે ફરી એકવાર વિશ્વભરના દેશો પર ૧૦ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. આ દરમિયાન, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ટેરિફ યુદ્ધ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર હુમલો કર્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં તેમણે લખ્યું છે કે વડા પ્રધાને સમાધાન કર્યું છે. તેમની છેતરપિંડી હવે ખુલ્લી પડી ગઈ છે. તેઓ ફરીથી વાટાઘાટો કરી શકતા નથી. તેઓ ફરીથી શરણાગતિ સ્વીકારશે. કોંગ્રેસ વેપાર સોદા અંગે પીએમ મોદી પર ભારતમાં અમેરિકાના હિતોની અવગણના કરવાનો આરોપ લગાવી રહી છે. આ પહેલી વાર નથી જ્યારે રાહુલ ગાંધીએ વેપાર સોદા અને ટેરિફ પર પીએમ મોદી પર હુમલો કર્યો હોય. તેમણે અગાઉ ઘણી વખત પીએમ મોદી પર નિશાન સાધ્યું છે, બજેટ સત્ર દરમિયાન પણ વ્યાપક હોબાળો થયો હતો.

શુક્રવારે, અમેરિકાની સુપ્રીમ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફને રદ કર્યા હતા. કોર્ટે સ્પષ્ટપણે કહ્યું હતું કે તેમની પાસે આવા ટેરિફ લાદવાનો કોઈ અધિકાર નથી. સુપ્રીમ કોર્ટના નિર્ણયના ત્રણ કલાકની અંદર, ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વભરમાં ૧૦% વૈશ્વિક ટેરિફની જાહેરાત કરી. પોતાના નિવેદનમાં તેમણે જણાવ્યું હતું કે તેઓ ૧૦% વૈશ્વિક ટેરિફ લાદવાના આદેશ પર હસ્તાક્ષર કરવા જઈ રહ્યા છે. ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી વેપાર કરાર અંગે વાટાઘાટો ચાલી રહી હતી, પરંતુ અનેક ક્ષેત્રો પર કરાર થઈ રહ્યા ન હતા. જોકે, ફેબ્રુઆરીની શરૂઆતમાં એક કરાર થયો હતો અને ૭ ફેબ્રુઆરીએ વેપાર કરારની જાહેરાત કરવામાં આવી હતી. આ કરાર હેઠળ, ભારતીય કૃષિ ઉત્પાદનો શૂન્ય ટેરિફ પર યુનાઈટેડ સ્ટેટ્સમાં નિકાસ કરવામાં આવશે, જ્યારે અમેરિકન કૃષિ ઉત્પાદનોને ભારતમાં કોઈ ટેરિફ મુક્તિ આપવામાં આવશે નહીં. સરકારે દાવો કર્યો હતો કે ખેડૂતો અને ડેરી ખેડૂતો સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં, જ્યારે કોંગ્રેસ દાવો કરી રહી છે કે સરકારે તેમની સાથે દગો કર્યો છે. યુએસ સુપ્રીમ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફને ગેરકાયદેસર જાહેર કર્યા છતાં, ટ્રમ્પે વિશ્વભરમાં ૧૦% વૈશ્વિક ટેરિફની જાહેરાત કરી છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આ અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કર્યા છે.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# વાંચન વિશેષ

## આજનાં વિદ્યાર્થી થકી જ ભારતનું ભવિષ્ય ઉજ્જવળ છે! આ સત્ય પરીક્ષા કરતાં પણ મોટું છે.



ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી ધોરણ ૧૦ ની, અને ૧૨ ની પરીક્ષાઓ ૨૬/૨ થી શરૂ થશે. તો સૌ પ્રથમ તો પરીક્ષાની રીક્ષા આવશે તો શું થશે? એવું ખોટું વિચાર્યા વગર બધાં વિદ્યાર્થીઓ સકારાત્મક થઈને જાય! કારણ કે આ વિદ્યાર્થીઓ જ ઉજ્જવળ ભારતનાં ઘડવૈયા છે. સૌને પરીક્ષા માટે શુભેચ્છાઓ અને અંતરનાં આશીર્વાદ. ભારત પોતાનાં યુવાધનથી પોતાનું ભવિષ્ય સુંદર રીતે ઘડી રહ્યું છે, અને હજી પણ જો દરેક વિદ્યાર્થીઓ નીતિ પૂર્વક જીવવાનું પસંદ કરે તો, આનાથી પણ સુંદર ભારતની રચના થઈ શકે, અને મને વિશ્વાસ છે કે થશે! આપણને દરેકને ભારતનાં ઉજ્જવળ ભવિષ્યની ઝંખના છે, અને હોય પણ ખરી! આખરે આપણો જ દેશ છે. સતત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાથી પાસ થતાં આ વિદ્યાર્થીઓ ઓને એટલું અવશ્ય કહેવાનું છે કે, જીવનની પરીક્ષામાં આમાંનું એક પણ બોર્ડ કામ આવતું નથી! એટલે નિતી પૂર્વક પરીક્ષા આપવી, કારણકે જ્યારે સાચી પરીક્ષાઓ આવે ત્યારે આ શિક્ષણ કે એમાં આવેલાં ટકા કામ આવતાં નથી. એને વિશે વિચારીને શિક્ષણ પદ્ધતિ ભલે ન સુધરે, પણ ઘરનાં સંતાનોને આ વાત સમજાવવી પડશે કે, આ પરીક્ષા જીવનનું એક એવું ચેપ્ટર છે, જેમાં મળેલ સફળતા નિષ્ફળતા બહુ થોડા સમય માટે જ રહે છે, એટલે એનાં પરિણામ પર ડીસઅપોઈન્ટ થવાની જરૂર નથી, તો કદાચ આગળ જતાં એનું જીવન વધુ સરળ રહે.

વિદ્યા અર્થે જે સ્કૂલ કોલેજ જાય તે વિદ્યાર્થી! સમયને કારણે અક્ષરજ્ઞાન ને વિદ્યા કહેવું પડે છે! બાકી વિદ્યાનો અર્થ બહુ વિશાળ છે. સ્કૂલ કોલેજમાં લેવાતી આ શૈક્ષણિક પરીક્ષાઓ આગળ કામ આવે કે ન આવે! પણ દેવી પડે, પાસ થવું પડે, ડીગ્રીઓ નાં છોગા વધારવાં પડે! પણ જ્યારે ખબર હોય કે આ પરીક્ષામાં સફળ થવા માત્રથી કંઈ જીવન આસાન થવાનું નથી, ત્યારે એમાં અનીતિથી બચી શકાય એટલું બચવું! જીવનમાં સુખ કદાચ સાધનથી મળે, પણ શાંતિ તો સત્ય અને સંતોષથી જ આવશે! એ વાત ખાસ સંતાનોને શીખવવી, નહીં તો કમાવા માટેની આ દોડ ક્યારેય પૂરી નહીં થાય! અને જીવનનાં એક મુકામે એમ થાય કે આપણે તો આવું કંઈ કર્યું જ નહીં! ટૂંકમાં શિક્ષણ કરતાં સંસ્કાર પર આજનાં માતા પિતાએ વધુ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. છેલ્લા ૨૦ / ૩૦ વર્ષનો આ રેશિયો જોઈએ તો દિવસેને દિવસે માતાપિતા વિદ્યાર્થી કરતાં પણ વધુ મહત્વકાંક્ષી બની ગયાં છે, અને દરેક માતા પિતામાં સુપર ચાઇલ્ડ મેન્ટાલીટી ડેવલપ થતી જાય છે, જે એક બાળ માનસ માટે ભયંકર ખતરો છે. ધોરણ ૧૦ ની વાત કરીએ તો ત્યારે મોટે ભાગે દરેક વિદ્યાર્થી ૧૩ થી ૧૫ વર્ષનાં ગાળામાં હોય, અને આ ટીનએજમાં તેનાં શારીરિક બંધારણમાં પણ ફેરફાર થાય. એ લોકો એડલ્ટ બનવા તરફ કુદરતી રીતે આગળ વધતાં હોય, એટલે અમુક પ્રકારનાં આંતરિક હોર્મોન્સ પણ ડેવલપ થતાં હોય છે, અને એને કારણે છોકરા છોકરીઓમાં વિજાતીય આકર્ષણ તળે હોય. એમાં ટીવી મીડિયા, સોશિયલ મીડિયા, દરેક પાસે પોતાનાં સેલફોન, અને અન્ય રીતે આ ટીન એજ યુવક યુવતીઓને ઉશ્કેરે એવા દ્રશ્યો એના માનસમાં જીલાતા હોય, ત્યારે ભણવાનું આ પ્રેસર અને ઉપરથી માતા પિતાની મહત્વકાંક્ષા! માતાપિતાની ઈચ્છા દિવસે ને દિવસે વધતી જતી મોંઘવારીને કારણે પોતાનાં સંતાનને આગળનાં ભવિષ્યમાં સારું ભણતર મેળવ્યું હોય તો, એવી કોઈ ચિંતા ન રહે, એ માટે રખાયેલી હોય! આર્થિક રીતે પણ પોતાની હેસિયતથી વધુ બોજ લીધો હોય, અને પોતાનાં સંતાનનાં કેલીબરથી વધારે એની પર આશા રાખી હોય, તો આ બંને વસ્તુ આગળ જતાં અત્યંત દુઃખદાઈ પરિણામ આપે. ઉપરથી અંદરો અંદર અપેક્ષા પૂરી ન થયાની વાતને કારણે સંબંધોમાં કડવાસ વધે. કોઈ કોઈ વાર વિદ્યાર્થી ભયંકર ડિપ્રેશન અનુભવે છે, અને વ્યસનનો સહારો લેતો થઈ જાય! ઘરેથી ભાગી જાય, કે પછી આત્મહત્યા કરે! ભારતીય શાસ્ત્રો મુજબ દરેકે દરેક વ્યક્તિનો જન્મ એનાં ઋણાનુબંધ પર નક્કી થતો હોય છે. એટલે કે માતાપિતાનો અને સંતાનનો અંદરો અંદર ઋણાનુબંધનો પૂર્વ જન્મનો સંબંધ આ જન્મ માટે જવાબદાર હોય છે. આ જન્મમાં તો એ તેના માતાપિતા છે, અને એ તો સૌથી મોટું ઋણ છે જ, પરંતુ એ સિવાય આગલા જન્મનું ઋણ રહ્યું હોય માટે આ જન્મ મળ્યો, એવી વાત આપણા મનીષીઓ દ્વારા કરવામાં આવી છે. ઉપરથી આ વાત માત્ર માતાપિતા એટલે કે પરિવાર પૂરતી નથી હોતી, આડોસ પાડોશ સાથે પણ આ વાત લાગુ પડે છે, અને આ જન્મભૂમિ સાથે પણ આપણું ઋણાનુબંધ હોય છે. એ જ રીતે દેશ સાથે પણ આપણું ઋણાનુબંધ હોવાથી આપણો જન્મ ભારતમાં થયો છે, અને એ ઋણ આપણે કઈ રીતે ચૂકવી શકીશું, એ દરેક વિદ્યાર્થીઓએ વિચારવાની જરૂર છે. સાંપ્રત સમયની વાત કરીએ તો આજનાં દરેક ક્ષેત્રમાં ગળાકાપ હરીફાઈ ચાલી રહી છે. પહેલાં આવું નહોતું, એટલે કે સતત સ્પર્ધાઓમાં કઈ રીતે જીવી શકાય! ઈશ્વરે દરેકે દરેક માનવીમાં કોઈને કોઈ લાક્ષણિકતા મુકી છે, એને જાણી લેવાની, અને એ મુજબ એને પ્રોત્સાહિત કરવાનો હોય છે. દરેકે દરેક વિદ્યાર્થી ડોક્ટર, એન્જિનિયર, ચાર્ટર એકાઉન્ટન્ટ, પીએચડી, કે પછી અન્ય કોઈ ડીગ્રી ન જ મેળવી શકે! એ વાત પણ દરેકે યાદ રાખવાની હોય છે. પરંતુ સુપર ચાઈલ્ડનું દુષણ, અને સર્વશ્રેષ્ઠ બનવાની મહત્વાકાંક્ષાને કારણે નીતિ અનીતિ વચ્ચેની ભેદરેખા ભૂલાઈ ગઈ છે. શિક્ષણનો મૂળ હેતુ શિષ્ટાચાર શીખવવાનો હતો, એ ધીરેધીરે ઓછો થતો જાય છે, અને માનવી શું માત્ર બાહ્ય દેખાવથી હવે માનવ છે ? એવું ક્યારેક લાગે. કુટુંબ અને પરિવાર પણ એક પાઠશાળા છે, અને એમાં વિદ્યાર્થી વધુને વધુ સમય વિતાવતો હોય, ત્યારે એમાં શિક્ષણ જેટલું જ સંસ્કારને મહત્વ આપવામાં આવે, તો સો ટકા એનું ભવિષ્ય ઉજ્જવળ બનશે. આવા પ્રકારની પરીક્ષાઓમાં પાસ થાય કે ન થાય, પણ એ જીવનની પરીક્ષામાં ક્યારેય નિષ્ફળ નહીં જાય, કંઈક કરી જ લેશે! અને એ જે કરશે તે વિશેષ જ હશે.

આજે એ વિદ્યાર્થી જીવનનાં દિવસો યાદ આવે છે, અને બહુ ગર્વ સાથે કહી શકાય કે બીએસસી ફર્સ્ટ ક્લાસ સુધીની દરેક પરીક્ષાઓ પોતાની લાયકાતથી જ પાસ કરી, ક્યારેય આજુબાજુમાં પણ જોવાનો વિચાર આવ્યો નથી. હા એ લોકો જરૂર કંઈકને કંઈક પૂછતાં, પણ ન આવડે તો ન લખવું! એ વાત પાકી હતી. ઋણાનુબંધની વાત કરીએ તો નાગર જેવી જ્ઞાતિમાં જન્મ મળ્યો હોવાથી, દીકરા દીકરીનો તફાવત નાનપણથી જ ન્હોતો, અને એને કારણે પોતાનો દરેક નિર્ણય લેવાની સ્વતંત્રતા મળી હતી. ઉપરથી એમનાં આચરણીય સંસ્કારો,કે જે હંમેશાં એમનાં જેવું જીવન જીવવાં પ્રેરતા હતાં. ઈતિહાસ મારો સૌથી પ્રિય વિષય! અને ધોરણ પાંચથી શરૂ કરીને દસ સુધી ઈતિહાસના દરેકે દરેક પાઠ મને એ વખતે મોઢે રહેતાં. જો ત્યારે કેબીસી હોત તો એમાં જીતી શકત! આટલી લાંબી જીવનયાત્રા પરથી એક વાત તો પાક્કી જ છે કે, જીવનમાં ક્યારેય પરીક્ષાઓનો અંત આવતો નથી! એટલે પરીક્ષામાં ચોરી કરીને પાસ થઈ જાઉં, પછી ક્યારેય નહીં કરું, એ માત્ર ભ્રમ છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનો દરેક વિદ્યાર્થી નીતિપૂર્વક પરીક્ષાઓ આપી, અને એમાં ઉત્તીર્ણ થઈ, પોતાનું અને પોતાનાં દેશનું ભવિષ્ય ઉજ્જવળ બનાવશે! અને ફરીથી હિન્દુ સંસ્કૃતિનો ધ્વજ પૂરાં વિશ્વમાં લહેરાશે! જય હિન્દ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# રાજ્યની સફળતા પરિશ્રમી ગુજરાતીને આભારી : નીતિન નવીન

## ગિફ્ટ સિટી ખાતે યંગ વોઇસ સમિટમાં ઉપસ્થિત રહી એન્ટરપ્રિન્યોર્સ-સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ સાથે સાધ્યો સંવાદ



ઈનોવેશન અને સ્ટાર્ટઅપના માધ્યમથી ગુજરાતના યુવાનો માત્ર રાજ્ય જ નહીં પરંતુ સમગ્ર દેશના યુવાનોને નેતૃત્વ પૂરું પાડી રહ્યા હોવાનું જણાવતા નીતિન નવીનજી

ગાંધીનગર, તા. ૨૧

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનજીની ગિફ્ટ સિટી ખાતે CAIT દ્વારા “”YE Talks”” અંતર્ગત આયોજિત નયંગ વોઈસ સમિટ-ધ ફ્યુચર બ્લોકસ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા અને રાજ્યના નાયબ મુખ્યપ્રધાન હર્ષભાઈ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતાં.

યંગ એન્ટરપ્રિન્યોર્સ અને સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સને સંબોધિત કરતા ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનજીએ જણાવ્યું હતું કે, ઈનોવેશન અને સ્ટાર્ટઅપના માધ્યમથી ગુજરાતના યુવાનો માત્ર રાજ્ય જ નહીં પરંતુ સમગ્ર દેશના યુવાનોને નેતૃત્વ પૂરું પાડી રહ્યા છે.

રાજ્યના યુવાનો ગુજરાતના વિકાસ સાથે ગુજરાતની વિરાસતને પણ આગળ વધારી રહ્યા છે. આપણે ગૌરવ સાથે કહી શકીએ કે આપણે પલોકલ માટે વોકલથ પણ છીએ અને પગ્લોબલથ પણ છીએ. નવીનજીએ ગુજરાતના ઉદ્યમી માનસની પ્રશંસા કરતા કહ્યું કે, ગુજરાતી પહેલા રાષ્ટ્ર સાથે કમિટેડ હોય છે પછી તેના વ્યવસાય સાથે, અને આ જ ભાવ ગુજરાતને અન્યથી અલગ તારવે છે. ગુજરાતની સફળતા એ માત્ર સરકારની સફળતા નથી, પરંતુ અહીંના લોકોનો સખત પરિશ્રમ અને ભાગીદારીનું પરિણામ છે. વર્ષ ૨૦૧૨-૧૩ના નિરાશાજનક વાતાવરણમાંથી દેશને બહાર લાવી વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ૧૪૦ કરોડ દેશવાસીઓને પએસેટ્સથ માનીને જે આશા અને ઉમ્મીદ અને નવી યોજનાઓ આપી, તેના કારણે આજે દેશમાં સ્ટાર્ટઅપ અને સ્કિલ ઇન્ડિયાની ક્રાંતિ જોવા મળી રહી છે.

ગિફ્ટ સિટી (GIFT City) અને ટેકનોલોજીના વિઝન અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, જે પ્રોજેક્ટને વિપક્ષી લોકો મજાક ગણાવતા હતા, તે આજે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના વિઝન અને પ્લાનિંગથી ઈકોનોમિક હબ તરીકે ઉભરી રહ્યો છે. ટેકનોલોજી રોજગારી ઘટાડતી નથી પરંતુ તેનો યોગ્ય ઉપયોગ રોજગારના નવા વિકલ્પો ઊભા કરે છે તેવું જણાવતા તેમણે ઉમેર્યું કે, અન્ય દેશો સાથે સમજૂતી પણ આપણે આપણું હિત જાળવવાની સુનિશ્ચિતતા સાથે કરીએ છીએ. બજેટમાં દેખાતો વિકસિત ભારતનો રોડમેપ અને આંતરરાષ્ટ્રીય ટ્રેડ ડીલ્સ એ આપણા મજબૂત નેતૃત્વની નિશાની છે.

અંતમાં, નવીનજીએ યુવા પેઢીને શોર્ટકટથી બચવા અને વિરાસત સાથે વિકાસના મંત્રને આત્મસાત કરવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે જે દેશ પોતાની સંસ્કૃતિ પર ગર્વ નથી કરતો તેનું ભવિષ્ય ઉજ્જવળ નથી હોતું. વડાપ્રધાનએ જોયેલા પવિકસિત ભારત ૨૦૪૭થના સપનામાં ગુજરાતના યુવા ઉદ્યમીઓ પોતાના પરિશ્રમથી મોટું યોગદાન આપશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી, સાથે જ રાષ્ટ્રના સન્માનના ભોગે રાજનીતિ કરતી નકારાત્મક શક્તિઓથી સાવધ રહેવા ટકોર કરી હતી.

### મીલેનીયમ એજના અધ્યક્ષ યુવાનોને સમજી શકે : હર્ષ સંઘવી

યુવા સાહસિક ઉદ્યોગપતિઓના કાર્યક્રમમાં નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટીના અધ્યક્ષ પણ મિલેનિયલ એજના છે, જેથી તેઓ યુવાનોની વાતને સીધી સમજી શકે છે. તેમણે જણાવ્યું કે ગુજરાત સરકાર વેપાર સહકાર અને યુવા ઉદ્યોગપતિઓને પ્રોત્સાહન આપવા માટે ૨૫ GIDC ને સ્માર્ટ જીઆઇડીસી તરીકે વિકસાવી રહી છે. India-EU તેમજ India-USA ટ્રેડ ડીલ માત્ર ટ્રેડ ડીલ નહીં પરંતુ વિશ્વમાં ઐતિહાસિક વ્યાપારની તક છે, જે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ દેશના યુવાનો માટે ઊભી કરી છે. તેમણે કહ્યું કે અઈ ઈંળાફભજ઼િીળળશદિંરમિયાન રાહુલ ગાંધી અને કોંગ્રેસના ગુંડાઓએ દેશનું નામ બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે, જેને દેશનો યુવા અને જનતા ક્યારેય માફ નહીં કરે. આ કાર્યક્રમમાં BAPS સ્વામિનારાયણ સંસ્થાના પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામીજી પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

છેલ્લા એક વર્ષ દરમ્યાન ૯૫૦૦ નંબરો વિવિધ કારણોસર રદ

# SGSTએ ૧૧ હજાર નવા જીએસટી નંબર નોંધ્યા



રાજકોટ, તા. ૨૧

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જીએસટી કાયદા ને અત્યંત સરળ બનાવવાનો નિર્ણય લીધો છે પરિણામ સ્વરૂપે ધંધાર્થીઓને ઘણો ખરો ફાયદો પણ મળી રહ્યો છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લેતા રાજકોટ સૌરાષ્ટ્રના ધંધાર્થી ઓને હાલ જે જીએસટીને લઈને પ્રશ્નો થઈ રહ્યા છે તે જોતા સરકારે જીએસટી પ્રક્રિયા સરળ કરવાનો નિર્ણય લીધો છે .

સમગ્ર ગુજરાત રાજયની સાથોસાથ રાજકોટના ઉદ્યોગ ધંધા પણ સતત વિકાસની હરણફાળ ભરી રહ્યા છે. ખાસ કરીને નાના ઉદ્યોગો અને ઈ કોમર્સના એકમો રાજકોટમાં સતત વધતા રાજકોટ જીએસટી વિભાગમાં એક વર્ષમાં જ નવા નંબરો રેકોર્ડબ્રેક સંખ્યામાં નોંધાયા હોવાનું જીએસટી વિભાગના સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

રાજકોટ ડીવીઝન ૧૦ હેઠળ કાર્યરત કુલ ૧૨ ઘટકોમાં સુરેન્દ્રનગર, રાજકોટ જીલ્લો તથા મોરબી જીલ્લાના વાંકાનેર અને હળવદ તાલુકાનો સમાવેશ થાય છે. ગત ડીસેમ્બર ૨૦૨૪થી ડીસેમ્બર ૨૦૨૫ સુધીમાં રાજકોટ જીએસટી વિભાગમાં કુલ ૧.૩૮ લાખ કરદાતાઓ નોંધાયા હતા તેમાંથી ૮૧ હજાર કરદાતાઓ સ્ટેટ જ્યુરિસ્ડિકશન હેઠળ નોંધાયેલા હતા.

જીએસટી વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ વિભાગના ૧૨ ઘટકોમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૧૦૦૦ જેટલા નવા કરદાતાઓની નોંધણી થયેલ હતી. જીએસટી વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ એક વર્ષમાં જ રાજકોટ વિભાગમાં ૧૧૦૦૦ જેટલા કરદાતાઓની નોંધણી રેકોર્ડબ્રેક સંખ્યા છે.

જીએસટી વિભાગના સુત્રોના જણાવ્યા અનુસાર રાજકોટ સતત ઝડપથી વિકસી રહ્યું છે ત્યારે સૌથી વધુ ઈ કોમર્સ એકમ અને હોટલ રેસ્ટોરન્ટોની સંખ્યા મોટા પ્રમાણમાં વધી રહી છે તેના કારણે એક વર્ષમાં નવા જીએસટી નંબરોની નોંધણીમાં મોટાપાયે ઉછાળો આવ્યો છે. બીજી તરફ રેકોર્ડબ્રેક સંખ્યામાં નવા નંબરોની નોંધણી ઉપરાંત રાજકોટ વિભાગ દ્વારા છેલ્લા એક વર્ષ દરમ્યાન ૯૫૦૦ જેટલા જીએસટી નંબરો પણ વિવિધ કારણોસર રદ કરવામાં આવેલ છે. મળતી માહિતી મુજબ તંત્ર દ્વારા ૪,૦૦૦ જેટલા નંબરો રદ કરવામાં આવ્યા છે જ્યારે અન્ય કારણોસર બંધ કરવામાં આવેલા નંબરોની સંખ્યા ૩૫૦૦ થી વધુ ની હોવાનું જીએસટી વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે. અથવા તો જીએસટી માં ચોરી કરવામાં આવી હોય અથવા તો કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય તેવા ૨૦૦૦ નંબરોને રદ કરવાનો નિર્ણય વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે.

# અંધાપાના ભયથી રેલનગરમાં ત્રીસ વર્ષના યુવાને જીવ દીધો

## નેપાળી યુવાનને કેટલાક સમયથી આંખમાં તકલીફ થતી હોઇ મરવાના વિચાર કરતો હતો

રાજકોટ,તા.૨૧

આંખની દ્રષ્ટી ખરાબ થઇ જતાં પોતે અંધ થઇ જશે તેવો ભય લાગતાં મરી જવાનું રટણ કર્યા બાદ નેપાળી યુવાને આપઘાત કરી લીધો હતો. રેલનગર શાહી પાર્ક મકાન નં. ૪૭માં રહેતાં ત્રીસ વર્ષના મયુર શ્રીપ્રસાદ રાણા નામના નેપાળી યુવાને ઘરના ઉપરના માળે પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

કેટલાક દિવસથી તેને આંખે ઓછુ દેખાતુ હોઇ ડોક્ટરને બતાવ્યા પછી પણ ફરક પડતો ન હોઇ પોતે દ્રષ્ટી ગુમાવી દેશે તેવો ભય લાગતાં આ પગલુ ભર્યાનું બહાર આવ્યું હતું. સવારે મયુરે ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ થતાં નેપાળી સમાજના આગેવાન કાર્યકર સંજયભાઇ કારકી હોસ્પિટલે પહોંચ્યા હતાં અને મૃતકના સગાને મદદરૂપ થયા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર મયુર ડીલીવરીમેન તરીકે કામ કરતો હતો.

વધુ માહિતી મુજબ બે મહિનાથી તેને આંખમાં તકલીફ થતાં સરખુ દેખાતુ નહોતું. સવારે મિત્રને ફોન કરી રૂપિયાની માંગણી કરતો હતો. પછી પત્નિ નીશાએ રૂપિયા શા માટે માંગો છો? પુછતાં તેણે કહેલું કે મારે હવે મરી જવું છે, હું આંધળો થઇ જઇશ. આથી પત્નિએ તેને સાંત્વના આપી હતી અને આવા વિચાર નહિ કરવા સમજાવ્યો હતો. બાદમાં પત્નિ ન્હાવા માટે ગઇ ત્યારે તેણે રૂમ બંધ કરી ગળાફાંસો ખાઇ લીધો હતો. દરવાજો ખખડાવવા છતાં નહિ ખોલતાં દરવાજો તોડીને બેભાન હાલતમાં હોસ્પિટલે ખસેડ્યો હતો. પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યો હતો. મૃતક બે ભાઇ અને બે બહેનમાં નાનો હતો. સંતાનમાં એક દિકરો છે. જેણે પિતાની છત્રછાંયા ગુમાવી દીધી છે.

# કનેસરામાં પુજારી પર દિપડો તૂટી પડ્યોઃ રાજકોટ સારવારમાં

રાજકોટઃ જસદણના કનેસરા ગામે રહેતાં પચાસ વર્ષના સવાભાઇ ઉર્ફે સવજીભાઇ દેવજીભાઇ લીંબડીયા સવારે દસેક વાગ્યે ગામમાં જારીયા મહાદેવના મંદિર પાસે હતાં ત્યારે અચાનક ઝાડીમાંથી દિપડએ હુમલો કરી ગળા પર વીંખોડીયા ભરી લેતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.

દિપડાએ અન્ય એક યુવાન પર પણ હુમલો કર્યાનું જાણવા મળ્યું હતું. દિપડાને ગામ લોકોએ એક ઓરડીમાં પુરી દીધો હતો. વન વિભાગને જાણ થતાં અધિકારીઓ કનેસરા ગામે દોડી ગયા હતાં. સવાભાઇ દસેક વર્ષથી મંદિરમાં રહી સેવા પૂજા કરે છે. સવારે મંદિરેથી ચાલીને ન્હાવા માટે જતાં હતાં ત્યારે દિપડો ત્રાટક્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવની જાણ ભાડલા પોલીસને કરી હતી. પૂજારી સવા પર દિપડાએ હુમલો કર્યાની જાણ થતાં ગામલોકો ભેગા થઇ ગયા હતાં અને દિપડાને મંદિરની ઓરડીમાં પુરી દીધો હતો. વન વિભાગે દિપડાને પકડી લેવા તજવીજ કરી હતી.

**ગામલોકો ભેગા થઇ જતાં દિપડાને રૂમમાં પુરી દીધો**

સોમનાથથી દેલવાડા ૧૫૦ કિ.મી. સુધીના

# ઓપન વોટર સી સ્વિમિંગ-કાયકિંગ અભિયાનનો પ્રારંભ






રાજકોટ, તા. ૨૧

સોમનાથ મહાદેવ મંદિરના આશીર્વાદ સાથે સોમનાથ સ્વાભિમાન પર્વ - ૨૦૨૬ અંતર્ગત ૧૫૦ કિલોમીટર લાંબા ઓપન વોટર સી સ્વિમિંગ અને કાયકિંગ અભિયાનનો આજે પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સાહસિક અભિયાન તા. ૨૧થી ૨ માર્ચ દરમિયાન યોજાઈ રહ્યું છે. અભિયાનનો પ્રારંભ સોમનાથ બીચથી થઈ દસ દિવસની સમુદ્રી સફર બાદ દેલવાડા - સિમોર બીચ ખાતે સમાપન થશે. પ્રારંભ દિવસે ખેલાડીઓ દ્વારા આશરે ૧૫ કિલોમીટર જેટલું સમુદ્રી સ્વિમિંગ અને કાયકિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું. અભિયાનમાં સ્વિમર તરીકે વેનેસા શુક્લા (ઉ.૧૯), પાર્થિવ મેઘાણી (ઉ.૧૪), દિવ્યમ ચોટલિયા (ઉ.૧૪) તેમજ કાયકિંગ ટીમમાં આર્યન જોશી (ઉ.૨૦ ), વેદાંત જોશી (ઉ.૧૮), સિદ્ધરાજ સોલંકી (ઉ.૧૯) અને જિનલ પિત્રોડા (ઉ.૧૯) જોડાયા છે.

લાઈફ સેવિંગ સ્પોર્ટ્સ ફેડરેશનના પ્રેસિડન્ટ સેબેસ્ટિયન દ્વારા દરિયામાં લાઈફ સેવિંગ સ્પોર્ટ્સની વિવિધ પ્રવૃત્તિઓનું ડેમોન્સ્ટ્રેશન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટના ધારાસભ્ય અને પ્રોજેક્ટ ચેરમેન રમેશભાઈ ટીલારા, ગુજરાત રાજ્યના પૂર્વ રમત-ગમત મંત્રી ઉમેશભાઈ રાજ્યગુરુ, હર્ષિતભાઈ રૂપાણી ( રામ સ્વિમિંગ ક્લબ, પોરબંદર), ઈન્ડિયન લાઈફ સેવિંગ સ્પોર્ટ્સ ફેડરેશનના પ્રેસિડન્ટ સેબેસ્ટિયન રાજ, અંકિતા પાનસુરીયા ( સ્કૂબા ઈન્સ્પેક્ટર), હસમુખભાઈ અઢિયા (કેન્સર રીલીફ ફાઉન્ડેશન), ડો. જયેશભાઈ મુન્દ્રા (સ્પોર્ટ્સ ડિરેક્ટર, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી), તેમજ સુનિલભાઈ રાજગોર, ભરતભાઈ કામલિયા, ચીનુભાઈ હાપાણી, ધરમશીભાઈ કલોલા, કાનજીભાઈ જુંગી સહિત અનેક ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર અભિયાનનો મુખ્ય હેતુ આધ્યાત્મિકતા, સાહસ, રમતગમત, પર્યાવરણ સંરક્ષણ, વ્યસનમુક્તિ અને સામાજિક જાગૃતિનો વ્યાપક સંદેશ સમાજ સુધી પહોંચાડવાનો છે. યુવાનોમાં શારીરિક તથા માનસિક દૃઢતા વિકસે અને તેઓ સાહસિક રમતગમત તરફ પ્રેરાય તે માટે આ અભિયાન પ્રેરણાદાયક સાબિત થશે તેવું મનાય છે.

# કૈલાસવાસી દિલીપપરી ગોસ્વામીના માનમાં ર૭મીએ સંતવાણી

## ધર્મસભા, મહાપ્રસાદ, શક્તિપૂજન સહિતના કાર્યક્રમો



રાજકોટ તા ૨૧

રાજકોટના દિલીપપરી કેસુપરી ગોસ્વામી(ડીકે-ઉવ.૫૭)નો તા. ૧૮ અને શુક્રવારે કૈલાશવાસ થયો છે. તેમનો શક્તિ પૂજન તેમના નિવાસ્થાને શ્રી સદગુરુ રણછોડનગર શેરી નંબર-૫, કુવાડવા રોડ રાજકોટ ખાતે રખાયું છે. શક્તિ પૂજનના દિવસે જ એટલે કે તા. ૨૭ને, શુક્રવારે સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ દરમિયાન ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ તે જ દિવસે ૧૨ વાગ્યે મહાપ્રસાદ રાખવામાં આવ્યો છે. પેડક રોડ એ-ડિવિઝન પોલીસ સ્ટેશન સામે પંડિત દિનદયાળ કો.હોલ યુનિટ-૧માં યોજાનાર ધર્મ સભામાં ધર્મપ્રેમી જનતાએ હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. એ સિવાય તે જ દિવસે રાત્રિના નવ વાગ્યે તેમના નિવાસ્થાને સંતવાણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેનો લાભ લેવા સદગતના ભાઈ મુકેશપરી કેશુપરી ગોસ્વામી તેમજ પુત્રો અક્ષયપરી દિલીપપરી ગોસ્વામી અને વિમલપરી દિલીપપરી ગોસ્વામીએ અનુરોધ કર્યો છે.

# વિશ્વાસઘાત ગુનામાં ચારના આગોતરા મંજુર


૩૨ લાખની ઠગાઈના આરોપીને મળ્યા આગોતરા જામીન

રાજકોટ, તા.૨૧

રાજકોટ શહેરમાં ટાગોર રોડ ઉપર પુનીત કાર એસેસરીઝના નામે ઓટો મોબાઈલનું કામ કરતા અને પુનીત ટ્રેડલીકના નામે પેઢી ધરાવતા નિમેષ જગજીવન રૂઘાણીએ રૂ઼મ.૩૨,૦૦,૦૦૦ના વિશ્વાસઘાતની કરેલી ફરીયાદના આરોપીઓ મહેન્દ્રભાઈ વૃંદાવનદાસ મહેતા, હિતેષ મહેન્દ્રાઈ મહેતા, નમન હીતેષભાઈ મહેતા અને કલ્પક હસમુખભાઈ દોશીએ સંભવીત ધરપકડ સામે આગોતરા જામીન મેળવવા કરેલી અલગ અલગ બે જામીન રાજકોટના એડી. સેશન્સ જજ ધ્વારા મંજુર કર્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ આરોપીઓ વેપારી પેઢી ધરાવતા હોય સને-૨૦૨૪માં ફરીયાદીને જણાવ્યું હતુ કે, પોતેપોતાના અંગત મિત્રો અને સબંધીઓ માટે સારા વળતર અંગેની સ્કીમો તૈયાર કરી છે અને તેમા રોકાણ કરવાથી ૧૦ થી ૧૩ મહીનામાં સારૂ વળતર મળશે તેમ ફરીયાદીને વિશ્વાસમાં લઈ લોભામણી સ્કીમો આપી ફરીયાદીએ અલગ અલગ બે સ્કીમોમાં રૂ. ૩૨,૦૦,૦૦૦/- નું રોકડેથી રોકાણ કરાવી ફરીયાદીને ચેકથી ત્રણ હપ્તે ૨૩,૫૦,૦૦૦/- પરત આપી વિશ્વાસ કેળવી બાકી રહેતા રૂ઼મ.૨૮,૫૦,૦૦૦/- આરોપીએ મેળવી લઈ ફરીયાદીને મુળ રકમ અને વળતર પરત નહી કરી ફરીયાદીને વિશ્વાસમાં લઈ વિશ્વાસઘાત કર્યો હતો. આ મતલબની એ-ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવાતા પોલીસે ચારેય સામે ગુનો નોંધ્યો હતો.

સંભવિત ધરપકડ સામે ચારેયે શહેરની સેશન્સ કોર્ટમાં બે આગોતરા જામીન અરજી કરી હતી.

ઉપરોકત ડીઝલ ઓટો કોર્પોરેશનના માલીક-આરોપીઓ મહેન્દ્રભાઈ મહેતા વિગેરે ચારેય વતી વકીલની ટીમની દલીલને ગ્રાહ્ય રાખી કોર્ટે ચારેયના આગોતરા જામીન મંજુર કર્યા છે. રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ સહિતની ટીમના ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, યુવરાજ વેકરીયા, જસ્મીન દુધાગરા, ભાવીન ખુંટ, જય પીઠવા, સાહીલ કંટારીયા તથા મદદમા નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણમ, રાહીલ ફળદુ રોકાયા હતા.

### જિંદગી હોય ત્યાં કસોટી પણ હોય તેની સામે હિમ્મત હારવાની ન હોય

# ઓછા ટકા આવતાં વિદ્યાર્થીનો ગળેફાંસો

## બારમા ધોરણનો છાત્ર સતત દુઃખી રહેતો હતોઃ કંટાળીને પગલુ ભર્યુઃ બીજી ઘટનામાં સત્તર વર્ષના સગીરે ગળાફાંસો ખાઇ દુનિયા છોડી

રાજકોટ,તા.૨૧

કોઇપણ પરિક્ષા હોય તેમાં જે તે ઉમેદવાર કાં તો નાપાસ થતો હોય છે અને કાં તો પાસ થતો હોય છે, ઘણીવાર પાસ-નાપાસની વચ્ચે તેને ઓછા માર્કસ આવતાં હોય છે. આવુ થાય ત્યારે ઘણીવાર આવા છાત્ર-છાત્રાઓ દુઃખી થઇને વણવિચાર્યા પગલા ભરી લેતાં હોય છે. આપઘાત કે આપઘાતના પ્રયાસની આવી ઘટનાઓ અગાઉ અનેક વખત બની છે. દરમિયાન એક કિસ્સામાં બારમા ધોરણમાં ઓછા માર્કસ આવવાને કારણે દુઃખી દુઃખી રહેતાં યુવાને ગળાફાંસો ખાઇ મોત મેળવી લીધુ છે. બીજા બનાવમાં સત્તર વર્ષના એક છોકરાએ પણ ફાંસો ખાઇ દુનિયા છોડી હતી. આ ઘટનામાં તો કારણ પણ બહાર આવ્યુ નહોતું.

વિગતો પર નજર કરીએ તો આજીડેમ પોલીસ સ્ટશન હેઠળના વિસ્તારમાં એક પરિવારના એકવીસ વર્ષના દિકરાએ ધોરણ-૧૨ની પરિક્ષામાં ઓછા માર્કસ આવવાને કારણે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. માધવ પાર્ક મેઇન રોડ પર ન્યાયકરણ ડેીર ફાર્મ નજીક રહેતા એકવીસ વર્ષનાં રિષી વિનોદભાઇ દોંગા નામના યુવાને ઘરે ગળાફાંસો ખાઇ લેતાં ૧૦૮ બોલાવાઇ હતી. પરંતુ તેના તબિબે રિષીને મૃત જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.





**પૌત્રીના લગ્નના આગલા દિવસે દાદીમાનું હૃદય ધબકારા ચુકી જતાં મૃત્યુઃ લગ્નની ખુશી શોકમાં પલ્ટાઇ**

બનાવની જાણ પોલીસ કન્ટ્રોલ રૂમના ઇન્ચાર્જ પીએસઆઇ એચ. કે. રાવલે આજીડેમ પોલીસને જાણ કરી હતી.

આપઘાતની ઘટના જાહેર થતાં જ આજીડેમ પોલીસ સ્ટેશનના એએસઆઇ કે. જે. કુરીયા સહિતે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર રિષી બે ભાઇમાં નાનો હતો. તેના માતા-પિતા ગામડે રહે છે. પોતે રાજકોટ ભાઇ-ભાભી સાથે રહેતો હતો. ભાઇ કામે ગયા હતાં અને ભાભી નજીકમાં પ્રસંગમાં ગયા હોઇ પાછળથી રિષીએ ગળાફાંસો ખાઇ લીધો હતો. પોલીસને સગાએ જણાવ્યું હતું કે રિષીના પિતા ખેતી કરી ગુજરાન ચલાવે છે.

એક વર્ષ પહેલા રિષીને ધોરણ-૧૨માં ઓછા ટકા આવ્યા હતાં. ત્યારથી તે સતત નિરાશ, ઉદાસ રહેતો હતો. આ કારણે પગલુ ભર્યુ હોઇ શકે છે. પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી હતી. બીજી તરફ બીજા બનાવમાં આજી વસાહત આંબેડકરનગર-૧૦માં રહેતાં સત્તર વર્ષના એભલ હરેશભાઇ વાળા નામના સગીરે સાંજે પંખામાં દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઇ લેતાં ૧૦૮ના તબિબ રાજીબેને તેને મૃત જાહેર કર્યો હતો. કન્ટ્રોલ રૂમ ઇન્ચાર્જ એચ. કે. રાવલે જાણ કરતાં થોરાળાના પીએસઆઇ એ. પી. રતન સહિતે પહોંચી કાર્યવાહી કરી હતી.

આપઘાત કરી લેનારો સગીર છુટક મજૂરી કરતો હતો. તેણે આ પગલુ શા માટે ભર્યુ? તે બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી છે. યુવાન દિકરાના મોતથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આમ બે ઘટનામાં યુવાન અને સગીરે ગળાફાંસો ખાઇ મોત વ્હાલુ કરી લેતાં તેના પરિવારોમાં કલ્પાંત સર્જાયો હતો.

અન્ય એક કરૂણ ઘટનામાં પૌત્રીના લગ્નની આગલી સાંજે દાદીમાનું દિલ તેમને દગો દઇ જતાં મૃત્યુ થઇ ગયું હતું. લગ્નની ખુશી આને કારણે શોકમાં પલ્ટાઇ ગઇ હતી. ઝારખંડથી રાજકોટના મેટોડા તાબેના દેવડા ગામે લગ્ન પ્રસંગે આવેલા આડેસરા-સોની પરિવારમાં એક કરૂણ ઘટના બની હતી. જમશેદપુર ખાતે રહેતાં નિર્મલાદેવી રમણીકલાલ આડેસરા નામના છ્યાંસી વર્ષના વૃધ્ધા ગુરૂવારે સાંજે મેટોડાના દેવડા ગામે આવેલા એમરાલ્ડ ક્લબ રિસોર્ટમાં હતાં ત્યારે એકાએક છાતીમાં દુઃખાવો ચાલુ થયા બાદ બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ ટુંકી સારવારને અંતે મૃત્યુ થતાં પરિવામા શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે મેટોડા પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. હાર્ટએટેક આવી ગયાનું જાહેર થયું હતું. મૃત્યુ પામનાર નિર્મલાદેવી આડેસરાને સંતાનમાં એક દિકરો અને ત્રણ દિકરી છે. તેમના દિકરાની દિકરીના એટલે કે પૌત્રીના લગ્ન હોઇ જામનગરથી આજે શનીવારે રિસોર્ટ ખાતે જાન આવવાની હતી. આ લગ્ન પ્રસંગ માટે જમશેદપુરથી પરિવારજનો અહિ આવ્યા હતાં. પરંતુ પૌત્રીના લગ્નની આગલી સાંજે દાદીમાનું હૃદય બેસી જવાથી મૃત્યુ થતાં આડેસરા પરિવારની લગ્ન પ્રસંગની ખુશી શોકમાં પલ્ટાઇ ગઇ હતી. આમ વધુ ત્રણ ઘટનાઓને કારણે જુદા જુદા પરિવારોમાં શોક વ્યાપી ગયો હતો.

# જંગલેશ્વરના ડિમોલીશનને પગલે સમગ્ર રાજકોટમાં ૩ દિવસ 'નો ડ્રોન ફ્લાય ઝોન'

## પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કરનારા સામે થશે કાર્યવાહી

રાજકોટ,તા.૨૧

આવતીકાલે સોમવારે શહેરના જંગ્લેશ્વર વિસ્તારમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની મેગા ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ સંવેદનશીલ કામગીરી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને સુરક્ષામાં કોઈ ચૂક ન રહી જાય તે હેતુથી રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા સમગ્ર શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં 'નો ડ્રોન લાય ઝોન' જાહેર કરવામાં આવ્યો છે.




પોલીસ વિભાગને મળેલી બાતમી અને સુરક્ષા સમીક્ષા મુજબ, ડિમોલિશન જેવી મોટી કાર્યવાહી વખતે દેશવિરોધી સંગઠનો કે તોફાની તત્વો રિમોટ કંટ્રોલથી ચાલતા ડ્રોન, ક્વાડ કોપ્ટર અથવા નાના એરક્રાટનો દુરૂપયોગ કરી જાહેર જનતાની સુરક્ષાને હાનિ પહોંચાડે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. આ ભયને ધ્યાને રાખી સુરક્ષાના આગોતરા પગલાં રૂપે આ નિર્ણય લેવાયો છે. જાહેરનામા મુજબ આ સાધનો ઉડાડવા કે તેનો ઉપયોગ કરવા પર સંપૂર્ણ મનાઈ રહેશે. જેમાં રિમોટ કંટ્રોલથી ચાલતા ડ્રોન અને ક્વાડ કોપ્ટર, પાવર્ડ એરક્રાટ અને માઈક્રો લાઈટ એરક્રાટ, હેંગ ગ્લાઈડર, પેરા ગ્લાઈડર અને પેરા મોટર, હોટ એર બલૂન અને પેરા જમ્પિંગ સહિત સામેલ છે. આ જાહેરનામું આવતીકાલ તા. ૨૩ના રાતના ૧૨થી ૨૫ના રાતના ૧૨ સુધી અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન રાજકોટ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના તમામ વિસ્તારોમાં આ પ્રતિબંધ લાગુ પડશે. જો કે પોલીસ વિભાગ, સુરક્ષા દળો અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સત્તાવાર કામગીરી માટે વપરાતા સાધનોને આમાંથી મુક્તિ આપવામાં આવી છે. પોલીસ કમિશનરના આ આદેશનો ભંગ કરનાર વ્યક્તિ વિરૂધ્ધ કાર્યવાહી થશે. તેમ સ્પેશીયલ શાખાના ઈન્પસકેપકટર જી. આર. ચૌહાણે જણાવ્યું હતું.

### વાહન અકસ્માતની ઘાત વધુ બે પરિવારના આધારસ્તંભ છીનવી ગઇઃ પાંચ અપમૃત્યુ

# ઘરે જવા નીકળેલા બે યુવાનો પહોંચ્યા પરલોક

## એક યુવાન પગપાળા જતો હતો ત્યારે કોઇ વાહન ઉલાળીને ભાગી જતાં મોતઃ બીજાને મોટરસાઇકલ સહિત ટ્રકે ઠોકરે લીધો અને જીવ ગયોઃ અન્ય બનાવોમાં હૃદય બંધ પડતાં પ્રૌઢનું, બેભાન હાલતમાં અને એસિડ પી જતાં બે મહિલાના મૃત્યુ

રાજકોટ,તા.૨૧

વાહન અકસ્માતની વધુ બે ઘટના બે પરિવારોના સદસ્યો માટે જીવલેણ સાબીત થઇ હતી. રોજબરોજ શહેરના અને આસપાસના ગામોના હાઇવે પર અકસ્માત સર્જાતા રહે છે. જેમાં ગંભીર ઇજાઓ થવાની સાથે સાથે મૃત્યુ પણ થાય છે. વધુ આવા બે બનાવ બન્ય છે. જેમાં હીટ એન્ડ રનની ઘટનામાં એક પગપાળા જઇ રહેલા યુવાનનું તો બીજી ઘટનામાં મોટર સાઇકલ સહિત એક યુવાન ટ્રકની ઠોકરે આવી જતાં મોત થયું હતું. જોગાનુજોગ આ બંને યુવાન મજુરી કામ પુરું કરી ઘર તરફ જવા નીકળ્યા હતાં. પરંતુ કુદરતને કંઇક જુદુ જ મંજુર હોય એમ આ બંનેને રસ્તામાં કાળ આંબી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો મોરબી કાંતિનગર માળીયા ફાટક પાસે રહેતાં ધર્મેન્દ્રભાઇ શારદાપ્રસાદ ચૌહાણ નામના સાડત્રીસ વર્ષના મુળ યુપીના યુવાનનું મોત થયું હતું. ધર્મેન્દ્રભાઇ મોરબીમાં રહી ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતો ધર્મેન્દ્રભાઇ ગઇકાલે કામેથી ઘરે જવા પગપાળા નીકળ્યો ત્યારે ટીંબડી પાટીયા પાસે અજાણ્યા વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં ગંભીર ઇજા થતાં મોરબીથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેના મિત્રના કહેવા મુજબ ધર્મેન્દ્રભાઇ ત્રણ ભાઇમાં મોટો હતો. સંતાનમાં બે પુત્ર છે. તે મુળ યુપીનો વતની હતો. કામેથી છુટીને ઘરે જતી વખતે કોઇ વાહનની ઠોકરે ચડી ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં મોરબી તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

બીજી આવી જ એક ઘટનામાં ગોંડલની ઉંબાળા ચોકડી પાસે રહેતાં યુવાનનું સડક પીપળીયાના પૂલ પાસે બાઇક સહિત ટ્રકની ઠોકરે ચડી જતાં મોત થયું હતુ મજૂરી કામ કરી ઘરે જઇ રહેલા આ યુવાનના બાઇકને ટ્રકે ઉલાળી દેતાં ગંભીર ઇજા થતાં રાજકોટમાં સારવારમાં મૃત્યુ થયું હતું. ઉંબાળા ચોકડી પાસે રહેતો ગોવિંદ કલુભાઇ શીંગાડ નામનો વીસ વર્ષનો યુવાન મજૂરી કામ કરવા ગયો હતો. ત્યાંથી બાઇક હંકારી પરત પોતાના ઘરે જવા રવાના થયો ત્યારે સડક પીપળીયાના પૂલ પાસે પહોંચતા ટ્રકે ઠોકરે ચડાવતાં બાઇક સહિત ફેંકાઇ ગયો હતો.



ગંભીર ઇજાઓ સાથે ગોંડલ હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર મુળ મધ્યપ્રદેશનો વતની હતો. તે લોઠડા ગામે મજુરી કરવા ગયો હતો. ત્યાંથી પરત આવતી વખતે બનાવ બન્યો હતો. પીએસઆઇ આર. આર. સોલંકીએ ટ્રક ચાલક વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી.

અન્ય અપમૃત્યુની ઘટનામાં ચોટીલાના વડાલી ગામે રહેતાં કાળુભાઇ અમરાભાઇ બોરીચા નામના ત્રેપન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં ચોટીલા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે નાની મોલડી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં એક દિકરો છે. પોતે એક બહેન અને બે ભાઇમાં નાના હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યુ હતું.

જ્યારે ચોથી ઘટનામાં કાલાવડના ખેરડી ગામના સાધનાબેન ગુલાબભાઇ બગડા નામના છત્રીસ વર્ષના મહિલા એસિડ પી જતાં સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. કાલાવડ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. પાંચમા બનાવમાં જામનગર બાપાની વાડી વિસ્તાર કિશાન ચોકમાં રહેતાં રંભાબેન હીરાભાઇ શેખવા નામના એકસઠ વર્ષના વૃધ્ધા જુનાગઢ ખાતે ભવનાથમાં હતાં ત્યારે તબિયત બગડતાં બેભાન થઇ જતાં જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોીસ્પટલમાં ખસેડાયા હતાં. અહિ ગત રાતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભવનાથ પોલીસને જાણ કરી હતી. આમ પાંચ અલગ અલગ ઘટનામાં પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દીધા હતાં.

### એક બીજા પરનો વિશ્વાસ તૂટે અને દગાખોરી થાય તો દામ્પત્ય જીવન ગોટાડે ચડે

# લગ્ન પછી પતિને ખબર પડી કે પત્નિને બબ્બે લફરા!

## પતિને જાણ થતાં પત્નિએ ખુલ્લેઆમ સ્વીકાર્યુઃ પતિએ જુનુ ભુલી જવા અને નવી જિંદગી શરૂ કરવા સમજાવતાં માવતરે જઇ ખોટા કેસમાં ફસાવવાની ધમકી દીધી

રાજકોટ,તા.૨૧

દામ્પત્ય જીવનનો રથ પતિ-પત્નિના પસ્પર સ્નેહ, સમર્પણ, વિશ્વાસ અને એક બીજા પ્રત્યેની લાગણીઓથી આગળ વધતો હોય છે. સૌથી મોટો પાયો વિશ્વાસનો હોય છે. એક બીજા પરનો ભરોસો જો તૂટી જાય તો ગાડી અવળે પાટે ચડી જાય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં મેટ્રીમોનિયલ સાઇટ પરથી યુવતિ પસંદ કરી લગ્ન કરનારા યુવાનને હવે પસ્તાવાનો વારો આવ્યો છે. આ યુવાનને લગ્ન કર્યા પછી ખબર પડી હતી કે તેની પત્નિને તો અગાઉથી જ બબ્બે છોકરો સાથે અફેર છે. પતિને આ વાતની ખબર પડતાં વાંધો ઉઠાવતાં તેણી લાજવાને બદલે ગાજી હતી અને કહી દીધુ હતું કે તારાથી થાય તે કરી લે, મારા કોન્ટેક્ટ બહુ ઉંચા છે, પોલીસ પણ મારું કઇ બગાડી શકશે નહિ. અંતે આ યુવાન પોલીસ પાસે પહોંચતા તપાસ શરૂ થઇ છે.



વિગતો પર નજર કરીએ તો લગ્ન એ એવુ બંધન છે જેમાં બંધાયા પછી પતિ-પત્નિ બંનેને એક બીજા પ્રત્યે વફાદાર રહેવાનું હોય છે. પણ અહિ બેવફા પત્નિને કારણે પતિની હાલત ખરાબ થઇ ગઇ છે. વડોદરા શહેરના રાવપુરા વિસ્તારમાં રહેતા યુવકને મેટ્રોમિનિયલ સાઇટ પરથી લગ્ન કરવા ભારે પડી ગયા છે. મૂળ દિલ્હીની અને ઉત્તર-દેશમાં રહેતી વીસ વર્ષીય યુવતી સાથે વડોદરાના ૨૫ વર્ષીય યુવકનો મેટ્રોમિનિયલ સાઇટ પર સંપર્ક થયો અને બંનેના લગ્ન થયા. લગ્ન બાદ પતિને ખબર પડી કે, પત્નિના એક નહીં પણ બે યુવક સાથે અફેર ચાલે છે, આ જાણીને પતિના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. વાત ત્યાં સુધી પહોંચી ગઈ કે પત્નિએ પતિન ફોન કરીને ધમકી આપી કે આ લગ્નની તેને કોઈ પરવા નથી, તારાથી થાય એ કરી લે.

આ ઉપરાંત પતિને જાનથી મારી નાખવાની અને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી હતી અને કહ્યું હતું કે, ચા કોન્ટેક્ટ હોવાથી પોલીસ મારું કશું બગાડી નહીં શકે. આ ઉપરાંત તે યુવકના રોકડા એક લાખ વીસ હજાર, ચાંદીના છડા અને વીટી પણ લઈ ગઈ છે. આ મામલે યુવકે પત્નિ સામે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ વડોદરા શહેરના રાવપુરા વિસ્તારના એક પચ્ચીસ વર્ષીય યુવકે રાવપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેની પત્નિ મીરા જે હાલ અલીગઢ ઉત્તરપ્રદેશ રહે છે અને મુળ દિલ્હીની છે તેની સાથે મેટ્રોમિનિયલ સાઇટ પર ગયા વર્ષે સંપર્ક થયો હતો.

આશરે એક મહિના સુધી ઓનલાઇન વાતચીત બાદ યુવક મથુરામાં તેને મળવા ગયો હતો. બંને મથુરા બસ સ્ટેન્ડ પાસેની હોટેલમાં રોકાયા હતા. ત્યારબાદ યુવક અલીગઢમાં તેના ઘરે મુલાકાત લેવા ગયો, જ્યાં તેની માતા તેમજ નાની બહેન હાજર હતાં. ત્યાં તેઓએ લગ્નની ચર્ચા કરી હતી. યુવક વડોદરા પરત આવવા નિકળ્યો હતો, ત્યારે મીરાએ તેની સાથે વડોદરા આવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેથી તેને સાથે વડોદરા લઈ આવ્યો હતો. આશરે ત્રણ મહિના સુધી બંને સાથે રહ્યાં હતાં. આ દરમિયાન મીરાએ નોટરી રૂબરૂ લખાણ પણ કરી આપ્યું હતું. બાદ હિંદુ રીત-રિવાજ મુજબ લગ્ન કર્યા હતા. ત્યારબાદ માંજલપુર રજિસ્ટ્રાર કચેરી ખાતે લગ્ન નોંધણી કરાવી હતી. લગ્ન બાદ માત્ર એક દિવસ રહીને મીરા અલીગઢ પરત ગઈ હતી. ત્યારબાદ તે ફરી વડોદરા આવી હતી અને આશરે એક મહિનો વડોદરામાં પતિ સાથે રહી હતી. આ દરમિયાન યુવકને તેની પત્નિના અન્ય પુરૂષો સાથે અનૈતિક સંબંધો હોવાની જાણ થઈ હતી, જે અંગે વારંવાર ઝગડા થતા હતા. યુવક નોકરીએ જતો ત્યારે મીરા અન્ય યુવક સાથે વાતચીત કરતી હતી. એક વખત મહેશે યુવકને ફોન કરીને કહ્યું કે, તે મીરા સાથે વાત કરે છે અને તેને પૈસા વગેરે પણ આપીને ભરણપોષણ કરે છે. ત્યારબાદ યુવકે પત્નિને પૂછતાં તેણે લગ્ન પહેલાંથી જ મહેશ સાથે સંબંધ હોવાનું સ્વીકાર્યું હતું. યુવકે તેને ભૂતકાળ ભૂલીને શાંતિથી રહેવા કહ્યું હતું, પરંતુ સુધારો આવ્યો નહોતો અને પત્નિ મીરા અવારનવાર પતિ સાથે અશોભનીય વર્તન કરતી, ગાળો અને ધમકીઓ આપતી હતી અને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપતી હતી. તેણે યુવકની માતા બીમાર હોવા છતાં તેમનું ધ્યાન રાખ્યું નહીં અને પિયર ચાલી ગઈ હતી. પિયરમાં જઈને પણ બીજા એક શખ્સ સાથે અનૈતિક સંબંધ રાખ્યા હતા. મીરાએ પતિને ફોન કરીને કહ્યું હતું કે, આ લગ્નની તેને કોઈ પરવા નથી, તારાથી થાય એ કરી લે. આ ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી અને સ્ત્રી રક્ષણના ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી હતી અને કહ્યું હતું કે, ચા કોન્ટેક્ટ હોવાથી પોલીસ મારું કશું બગાડી નહીં શકે. આ ઉપરાંત તેણે યુવકના રોકડા એક લાખ વીસ હજાર ચાંદીના છડા અને વીટી પણ લઈ ગઈ છે. આ મામલે યુવકે પત્નિ સામે વિરૂધ્ધ રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેને લઈને પોલીસે તપાસ શરૂ કરી હતી. આમ પત્નિના લફરાને કારણે પતિની જિંદગી ગોટાડે ચડી ગઇ છે. હવે તેણે પોલીસની મદદ માંગી છે.

રોજબરોજ સીટી બસના અમુક ચાલકો સામે બીજા વાહનચાલકો બળાપો કાઢે છે આ વખતે હદ વટાવી

# પીધેલા ડ્રાઈવરે અકસ્માત સર્જતા અફરાતફરી

## ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન નજીક બસ પહોંચી ત્યારે જ ધર્મેન્દ્ર નામનો ડ્રાઈવર કાબૂ રાખી ન શક્યોઃ રેલીંગો મુળીયામાંથી ઉખડી ગઇ, કાર-બોલેરો પણ ઝપટે ચડી ગઇઃ પીધેલા ચાલકને પોલીસે બરાબરનો પોંખ્યો







રાજકોટ,તા.૨૧

શહેરમાં પોલીસ નશાખોરોને પકડી લેવા અઠવાડીયામાં ખાસ બે કે ત્રણ વખત ડ્રાઇવ યોજે છે તેમજ રોજેરોજ છુટક કેસ પણ કરીને ડ્રીંક ડ્રાઇવના કેસ કરે છે. પરંતુ સીટી બસના ચાલકે જ દારૂ પી અકસમાત સર્જતા ચકચાર જાગી છે.

રાજકોટના સીટી બસ ચાલકો વિરૂધ્ધ આમ તો રોજબરોજ બીજા વાહનચાલકોની રાડ રહેતી હોય છે. પરંતુ આ વખતે એક ડ્રાઈવરે હદ વટાવી હતી. ચિક્કાર દારૂ ઢીંચી ડમડમ થઇને બીઆરટીએસ રૂટ પર બેફામ સ્પીડથી નીકળી પડેલા બસ ચાલકે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની બરાબર સામે જ અકસ્માત સર્જી દીધો હતો. આ અકસ્માતને કારણે જે દ્રશ્યો સર્જાયા તેનાથી ભયનો માહોલ ખડો થયો હતો. પોલીસે ડમડમીયા બસ ચાલકને પકડીને કાર્યવાહી કરી હતી. અકસ્માતમાં અગીયાર રેલીંગ મુળીયામાંથી ઉખડી ગઇ હતી અને એક કાર, પીકઅપ વેનમાં ભારે નુકસાની થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો અને આમગાંધીગ્રામ દોઢસો ફુટ રીંગ રોડ પર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની સામે જ બીઆરટીએસ રૂટ પર દારૂ ઢીંચી બસ હંકારી રહેલા ચાલકે કાબુ ગુમાવતાં બસ બીઆરટીએસની રેલીંગમાં ધડાકાભેર અથડાતાં અગીયાર રેલીંગ મુળીયામાંથી ઉખડી ગઇ હતી. આ પછી બસની ઠોકરે એક કાર અને એક પીકઅપ ગાડી પણ ચડી જતાં તેમાં પણ નુકસાની થઇ હતી. આ ગંભીર અકસ્માતમાં સદ્દનસિબે કોઇને ઇજા પહોંચી નહોતી. સામાન્ય રીતે નશાખોરો દારૂ ઢીંચ્યા પછી કાર, ટુવ્હીલર પર નીકળી પડતાં હોય છે. પરંતુ બીઆરટીએસ બસનો ડ્રાઇવર દારૂ ઢીંચી નીકળી પડતાં અને અકસ્માત સર્જતા શહેરમાં લોકો વિચારતા થઇ ગયા છે. દરરોજ બસમાં મુસાફરી કરનારા વિદ્યાર્થીઓ, નોકરીયાતો, બાળકો, વડીલોની સુરક્ષાનું શું? તેવો સવાલ ઉભો થયો હતો.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં હેડકોન્સ. નિલેષભાઇ ડોડીયાની ફરિયાદ પરથી બીઆરટીએસ રૂટની બસ નં. જીજે૦૩બીવાય-૦૮૪૭ના ચાલક ધર્મેન્દ્ર જેન્તીભાઇ સીંગરખીયા વિરૂધ્ધ દારૂ પી માણસની જિંદગી જોખમાય એ રીતે બસ હંકારી અકસ્માત સર્જી બીઆરટીએસ રૂટની ૧૧ રેલીંગ તોડી નાંખી પબ્લીક પ્રોપર્ટીને નુકસાન કરી તેમજ બોલેરો પીકઅપ ગાડી અને સ્વીફ્ટને પણ ઠોકરે ચડાવી મોટુ નુકસાન પહોંચાડવાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. આ શખ્સ એકત્રીસ વર્ષનો છે અને લોધીકાના પારડી ગામે નાગરાજ પાન પાસે, શિતળા માતાજીના મંદિર નજીક રહે છે. હેડકોન્સ. નિલેષભાઇ ડોડીયાએ જણાવ્યું છે કે સાંજે હું પોલીસ સ્ટેશનમાં ફરજ પર હતો ત્યારે જોરદાર અવાજ આવતાં બહાર નીકળીને જોતાં મોદી સ્કૂલ સામે રૈયા ટેલિફોન એક્ષચેન્જ તરફથી રૈયા સર્કલ તરફ જતી બીઆરટીએસ રૂટની બસ નં. જીજે૦૩બીવાય-૦૮૪૭ બીઆઆરટીએસ રૂટની રેલીંગમાં અથડાઇ ગયાનું જણાયું હતું. ચાલકે પુરઝડપે બસ હંકારી અકસ્માત સર્જ્યો હતો. આ કારણે ૧૧ રેલીંગ તૂટી ગઇ હતી. આ ઉપરાંત આ બસની ઠોકરે બ્લુ રંગની સ્વીફ્ટ કાર જીજે૨૩સીડી-૪૬૯૨ ચડી જતાં તેમાં આગળના ભાગે અને જમણી સાઇડમાં તેમજ બોલેરો પીકઅપ ગાડી જીજે૦૩બીઝેડ-૫૮૧૧ પણ આ બસની ઠોકરે ચડતાં તેમાં આગળના ભાગે નુકસાની થઇ હતી. કાર અને પીકઅપ ગાડીના ચાલકોને આ બાબતે કોઇ ફરિયાદ કરવી નહોતી. પણ અમે તપાસ કરતાં બસના ચાલકે દારૂ પીધેલો હોઇ ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે.

બસ ચાલકની પુછતાછ કરતાં તેણે પોતાનું નામ ધર્મેન્દ્ર જેન્તીભાઇ સીંગરખીયા હોવાનું અને પોતે લોધીકાના પારડી ગામે રહેતો હોવાનું કહ્યું હતું. પીઆઇ એસ. આર. મેઘાણીની રાહબરીમાં પીએસઆઇ પી. બી. પટેલએ હેડકોન્સ. નિલેષભાઇની ફરિયાદ પરથી ગુનો દાખલ કરતાં આગળની તપાસ કોન્સ. પ્રશાંતભાઇ ગજેરાએ હાથ ધરી હતી.

આ બનાવને પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. નશાખોર ચાલકે બીઆરટીએસ બસ દારૂ પીને બેફામ સ્પીડથી હંકારી પોતાની જાતને અને બીજા લોકોને જોખમમાં મુકી દીધા હતાં.

સદ્દનસિબે નુકસાની સિવાય બીજી કોઇ જાનહાની થઇ નહોતી. જે રીતે બસ રેલીંગમાં અથડાઇ તે દ્રશ્યો ફિલ્મી સીન જેવા હતાં. આ ઘટનાના વિડીયો પણ સોશિયલ મિડીયામાં ફરતાં થયા હતાં. સીટી બસોમાં દરરોજ વિદ્યાર્થીઓથી માંડની નોકરીયાતો, મહિલાઓ, બાળકો મુસાફરી કરતાં હોય છે ત્યારે આ રીતે દારૂ ઢીંચીને ડ્રાઇવરો બસ હંકારે તે અત્યંત ગંભીર બાબત છે. મહાનગર પાલિકના સંબંધીતો આ મામલે કડક કાર્યવાહી કરે તે જરૂરી છે. અગાઉ પણ સીટી બસોને કારણે ગંભીર જીવલેણ અકસ્માતો સર્જાઇ ચુક્યા છે. આ વખતે તો ડમડમીયા ડ્રાઇવરે ભાન ભુલી ફરજ ભુલી પોતાનો અને બીજા લોકોનો જીવ જોખમમાં મુકી બેફામ બસ હંકારી મુકી હતી અને અકસ્માત સર્જી દીધો હતો. પોલીસે તેનો નશો ઉતારવાની કાર્યવાહી કરી હતી.

---

પૈસાની લેતીદેતીની માથાકુટ ગમે તેવી દોસ્તીમાં પણ ઉભી કરી શકે દરાર

# બે ભાઇઓને મળવા બોલાવી મિત્રએ ઝીંક્યા છરીના ઘા

## ભગવતીપરામાં ઘટનાઃ સેલ્ફ ડ્રાઈવીંગના ધધાના કમિશનના નાણાની લેતીદેતી લોહીયાળ બનીઃ એટ્રોસીટી સહિતની કલમો મુજબ બી-ડિવીઝન પોલીસે દાખલ કરી એફઆઈઆર



રાજકોટ,તા.૨૧

પૈસાની લેતીદેતી એવી બાબત છે જેના કારણે દોસ્તીમાં પણ દરાર આવી જાય છે અને દોસ્ત દુશ્મન બની એક બીજા પર તૂટી પડતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં જુના મોરબી રોડ પર રહેતાં યુવાન અને તેના મોટા ભાઇ પર ભગવતીપરા કોપરગ્રીન પાસે પૈસાની લેતીદેતી મામલે ચાર શખ્સો છરીથી તુટી પડ્યા હતાં. આ ચારમાં એક તો આ યુવાનના મોટા ભાઇનો મિત્ર હતો. સેલ્ફ ડ્રાઇવીંગના ધંધામાં કમીશનની રકમના એક લાખની લેતીદેતી મૈં આ ડખ્ખો થયો હતો. ઉઘરાણી માટે પહેલા તો મિત્રએ મિત્રને ફોન કરી બેફામ ગાળો દીધી હતી અને પછી રૂબરૂ બોલાવી હુમલો કરી દીધો હતો. એટલુ જ નહિ મિત્રને તેની જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરીને તેના દાદા-પિતા વિશે પણ એલફેલ કહી દીધુ હતું. આ ઘટનામાં હવે ચારેયને એટ્રોસીટીના ગુનામાં આરોપી બનવું પડ્યું છે.

વિગતો પર નજર કરીએ તો બી-ડિવીઝન પોલીસે જુના મોરબી રોડપર સોહમનગર પાછળ આવેલી શિવધારા સોસાયટી-૧માં જીજ્ઞેશભાઇ રાઠોડના મકાનમાં ભાડેથી રહેતાં અને છુટક મજૂરી કરતાં રાહુલભાઇ મુકેશભાઇ મકવાણા નામના પચ્ચીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ગુંદાવાડીના અભિષેક ઉર્ફ અભિ બોરીચા અને કાળા કલરની સ્કોર્પિયો જીજે૩૬એપી-૫૫૫૭માં આવેલા ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કર્યો હતો. રાહુલભાઇએ જણાવ્યુ છે કે હું પરિવાર સાથે રહુ છું. મારા મોટા ભાઇનું નામ જયેશભાઇ છે. અમારી સાથે માતા અને બહેન પણ રહે છે. મારા પિતા હયાત નથી મારા મોટાભાઇ જયેશભાઇ અગાઉ સેલ્ફ ડ્રાયવિંગમા કમિશનનું કામ કરતા હતા અને મોટાભાઈના મિત્ર અભિષેક ઉર્ફે અભિ બોરીચા જેને બેડી ચોકડી પાસે ચા માવાની કેબીન છે અને તે પણ કમિશનનું કામ કરે છે.

રાહુલભાઈએ વધુમાં કહ્યુ હતુ કે અભિષેકને મારા ભાઈએ અગાઉના વ્યવહારના રૂપિયા બે લાખ આપવાનાં હતા. છેલ્લા બે ત્રણ દિવસથી અભિષેક મારા ભાઈ પાસે ફોનમાં ગાળો બોલી રૂપીયા માંગતો તેમજ મારા ભાઈને ધમકીઓ આપતો હોય જેથી મારો ભાઈ ગભરાઈ ગયો હતો. તેમજ અભિષેક ઘરે આવી ઝઘડો કરશે તેવું વિચારી અમારા જુના ઘરે ગણેશનગર ખાતે રહેવા જતો રહ્યો હતો. શુક્રવાર સવારથી અભિષેકના ફોન મારા ભાઇના ફોનમાં સતત આવતાં હતાં અને તે ગાળો બોલતો હતો. જેથી આની જાણ મારા ભાઈએ મને કહી હતી કે અભિષેકના ફોન બહુ આવે છે અને મને ફોનમાં ભુંડી ગાળો આપે છે એટલે આપણે એને પૈસા આપી દેવા છે, તે ભગવતીપરામાં બોલાવે છે તો તું મને ગણેશનગરથી લઇ જા.

આ પછી બાઇક લઇને હું મારા ભાઇને ગણેશનગરમા તેડવા ગયેલ અને અભિના ભાગના રૂપીયા એક લાખ લઇ અમે બંને ભાઈ ભગવતીપરા કોપરગ્રીન સોસાયટીની સામે થોડે દૂર આવેલ પૂલ ઉપર પહોંચ્યા ત્યાં અભિષેક બોરિચા અને તેની સાથે અજાણ્યા બીજા ત્રણ જણા એક કાળા કલરની સ્કોર્પીયો કાર જીજે૩૬એપી-૫૫૫૭માં બેસીને આવ્યા હતાં. આ વખતે અભિ કારમાંથી નીચે ઉતરી મારા ભાઈને ભુંડી ગાળો દેવા લાગતાં અમે તેને બોલવાની ના પાડતા તે એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને અમો બંને ભાઈને અમારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી બાપ-દાદા વિશે પણ અપમાનીત કરતા શબ્દો બોલ્યા હતાં. ત્યારબાદ અચાનક નેફામાંથી છરી કાઢી મારા ભાઇને આડેધડ મારવા માંડતાં હું વચ્ચે પડતાં મને ડાબા હાથના બાવાડમાં ઇજા થઇ હતી. તેમજ ડાબી બાજુ પેટના ભાગે અને વાંસાના ભાગે છરકા થઇ ગયા હતાં. અભિ સાથેના અજાણ્યા ત્રણ શખ્સોએ પણ અમને બંને ભાઇઓને ઢીકા-પાટુ માર્યા હતાં. મને છરીના ઘાથી લોહી નીકતાં હું બૂમો પાડવા માંડતા લોકો ભેગા થઇ જતાં આ બધા ભાગી ગયા હતાં. મારો ભાઇ મને હોસ્પિટલે લઇ ગયો હતો. સારવાર બાદ અમે પોલીસ સ્ટેશને પહોંચી ઘટનાની જાણ કરી હતી. તેમ વધુમાં રાહુલે જણાવતાં બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના ઈન્સપેકટર એસ. એસ. રાણે, હીરાભાઇ રબારીએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

---

ચાલીને જતી પરિણીતાને કહ્યું-હાલ આપણે ફરી ભાગીએ

# જો તું મારી સાથે નહિ ભાગે તો તારા ધણી, દિકરાને મારી નાંખીશ!



ફાળદંગમાં અશ્વીનની અવળચંડાઇઃ ઠપકો અપાતાં માતા-ભાઇ સાથે મળી પરિણીતાના પરિવાર પર તૂટી પડ્યો

રાજકોટ,તા.૨૧

હાલ આપણે અગાઉની જેમ પાછા ભાગી જઇએ, જો તું મારી સાથે નહિ ભાગે તો તારા પતિ, છોકરાને મારી નાંખીશ...એક પરિણીતાને ગામના જ શખ્સે આવી ધમકી આપતાં પરિણીતાએ ઘરે વાત કરતાં તેણીના પતિ, જેઠ, સાસુ સહિતના આ શખ્સને ઠપકો આપવા જતાં તેણે લાજવાને બદલે ગાજીને પોતાના માતા, પિતા સાથે મળી આ બધા ઉપર લોખંડના પાઇપ-ધોકાથી હુમલો કરી માર મારી માથે જતાં ધમકી આપી હતી.

વિગતો પર નજર કરીએ તો ઘટના કુવાડવા તાબેના ફાળદગ ગામે બની છે. અહિ રહેતી અઠ્ઠાવીસ વર્ષીય પરિણીતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ શુક્રવારે સાંજે સાતેક વાગ્યે તેઓ ઘરે હતા ત્યારે ગામનો અશ્વિન હકાભાઈ રાવળદેવ મોટરસાયકલ લઈને આવ્યો હતો. અશ્વિને તેણીને અગાઉની જેમ ફરીથી ભાગી જવાનું કહી દબાણ કર્યું હતું. તેણીએ ના પાડતા તેણે ધમકી આપી હતી કે જો તું મારી સાથે નહીં આવે તો તારા પતિ અને છોકરાઓને જાનથી મારી નાખીશ. આ ધમકી બાદ તેણીએ તેમના પતિ, સાસુ, જેઠને જાણ કરી હતી.

ત્યારબાદ રાત્રે દસેક વાગ્યે આખો પરિવાર અશ્વિનના ઘરે ઠપકો આપવા પહોંચ્યો હતો. વાતચીત દરમિયાન મામલો બિચક્યો હતો અને અશ્વિન રાવળદેવ ઘરમાંથી લોખંડનો પાઈપ લઈને ધસી આવ્યો હતો. હુમલામાં અશ્વિને પરીણીતાના પતિના માથા અને શરીર પર પાઈપના ફટકા માર્યા હતા. આ સમયે અશ્વિનના માતા પણ પાઈપ અને પિતા હકાભાઈ લાકડાનો ધોકો લઈને આવ્યા હતા અને પરિણીતા તથા તેમના સાસુને માર મારવા લાગ્યા હતા. હુમલામાં પરિણીતાના પતિને કાન અને પગના ભાગે ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં ૧૦૮ મારફતે રાજકોટ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આરોપીઓએ જતી વખતે પણ ધમકી આપી હતી કેઆજે તો બચી ગયા છો, હવે જો ઘરે આવ્યા તો જાનથી મારી નાખીશું. કુવાડવા પોલીસ સ્ટેશનના હેડકોનસ. એસ. આર. કુમારખાણીયાએ ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

---

મોબાઈલ રીપેર કરી ગુજરાન ચલાવતાં યુવાને એકઠી કરેલી મુડી પલકારામાં ગાયબ

# કમાણીની લાલચ આપી યુવાનના લાખો ઉસેડ્યા

## ગઠીયાએ વ્હોટ્સએપથી સંપર્ક કરી પહેલા વાતો કરી પછી રોકાણની લિંક મોકલી શરૂઆતમાં નફો આપ્યો પછી પાંચ લાખ કટકટાવી લીધા




બીજી ઘટનામાં વ્હોટ્સએપ ગ્રુપમાં આવેલી એપીકે ફાઇલ ખોલતાં જ ખેડૂતના ઉપડી ગયા ત્રણ લાખ રૂપિયા

રાજકોટ,તા.૨૧

ઓનલાઇન સાયબર ફ્રોડનો શિકાર કરતાં સાયબર ગઠીયાઓ એકની એક તરકીબથી પણ વારંવાર લોકોને ફસાવી લઇ નાણા ઉસેડી લેવામાં સફળ થઇ રહ્યા છે. લોકોમાં સાયબર ફ્રોડ સામે જાગૃકતા લાવવા સાયબર ક્રાઇમ પોલીસ, સરકાર સતત પ્રયાસો કરે છે. આમ છતાં લોકોને છેતરી લેવામાં ગઠીયાઓ સફળ થઇ રહ્યા છે. વધુ એક વખત ક્રિપ્ટો કરન્સીમાં રોકાણના નામે મોબાઇલ રીપેરીંગના કારીગર યુવાન પાસેથી મહેનતની કમાણીના લાખો રૂપિયા પડાવી લેવાયા છે. વ્હોટ્સએપ પર આ યુવાનને એક મેસેજ આવ્યો હતો. એ પછી તેની સાથે વાત કરી તેને રોકાણ કરવાનું કહી ફસાવી લેવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો આ વખતે અમદાવાદનો યુવાન છેતરાયો છે. બોપલમાં મોબાઇલ રિપેરિંગનું કામ કરતા યુવકને અજાણ્યા નંબર પરથી મેસેજ કરીને મહિલા ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાનું કહી વધુ નફો આપવાની લાલચ આપી હતી. યુવકે યુવતીના કહેવાથી ટુકડે-ટુકડે ૫.૫૬ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. યુવકને નફા સાથેની વધુ રકમ બતાવી ઉપાડવી હોય તો ટેક્ષ ભરવાનું કહ્યું હતું. યુવકે તપાસ કરતા ફ્રોડ થયાની જાણ થતા બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ઘાટલોડીયામાં રહેતો શક્તિસિંહ ઠાકોર નામનો ૩૪ વર્ષથી યુવક બોપલમાં મોબાઈલ રિપેરિંગનું કામ કરે છે. શક્તિસિંહને અજાણ્યા નંબરથી વ્હોટ્સએપ પર મેસેજ આવ્યો હતો. જેમાં ક્રિપ્ટો કરન્સીમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાનું જણાવ્યું હતું.

ત્યારબાદ આપેલી લિંક ઓપન કરીને શક્તિસિંહે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને રજીસ્ટ્રેશનની ૯૫૦૦ ફી ભરી હતી. અજાણ્યા નંબર પરથી માયા શર્મા નામની યુવતી શક્તિસિંહને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાનું કહેતા શક્તિસિંહે અલગ અલગ ટ્રાન્જેક્શન કરીને કુલ પાંચ લાખ છપ્પન હજાર રૂપિયાનું રોકાણ કર્યું હતું. આ રોકાણ કર્યા બાદ શક્તિસિંહને ૧૨ લાખ રૂપિયા જમા થયેલા બતાવતા હતા. જે ઉપાડવા માટે ૫.૨૯ લાખ રૂપિયા ટેક્સ ભરવાનું કહ્યું. જેથી શક્તિસિંહે તપાસ કરી ત્યારે ફ્રોડ થયાની જાણ થઈ હતી. આ અંગે શકિતસિંહે બોપલ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ થઇ છે.

આ રીતે સોશીયલ મિડીયા પર ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ કે વ્હોટ્સએપથી યુવતિઓ કે પછી શેર બજારના જાણકારના નામે જે તે લોકોનો સંપર્ક કરી તેને શેર બજાર કે પછી યુએસડીટી કે ક્રિપ્ટોમાં રોકાણ કરવાથી ટુંકા ગાળામાં મોટો નફો મળે છે તેવી લાલચ આપી શરૂઆતમાં નાના રોકાણ પર નફો આપી દેવાય છે. પરંતુ બાદમાં જે તે રોકાણકાર મોટી રકમ લગાવી દે પછી તેની સામે ઓનલાઇન મોટો નફો પણ એપમાં બતાવાતો હોય છે. પરંતુ જ્યારે આ રકમ વીડ્રો કરવાનો પ્રયાસ થાય ત્યારે ગઠીયાઓ ટેક્સ સહિતની વાત કરી મોટી રકમ માંગે છે અને પછી જે તે ખાતા ધારકની એપ, પોતાના નંબર બધુ ડીલીટ કરી નાંખી લાખો રૂપિયા ગપચાવી જાય છે. ઓનલાઇન આ પ્રકારે અજાણ્યાનો વિશ્વાસ કરી રોકાણ કરતાં પહેલા સો વખત વિચાર કરવો જરૂરી છે.

ઠગાઇની બીજી ઘટખામાં જહાંગીરપુરાના ખેડૂતને ગ્રુપમાં આવેલી આરટીઓ ચલણની ફાઇલ ખોલવી ભારે પડી હતી. ઠગે ફોન હેક કરીને તેમના ખાતામાંથી ૩.૧૦ લાખ ટ્રાન્સફર કરી લીધા હતા. સુરતના નરથાણના વતની વિમલ કાંતિલાલ પટેલ જહાંગીરપુરા સુકૃત હોમ્સમાં રહે છે અને ખેતી કરે છે. તેમના ગામનું નરથાણ નામે વોટ્સએપ ગ્રુપ છે, જેમાં તેઓ પણ સભ્ય છે. આ ગ્રુપમાં આરટીઓ ચરણની એપીકે ફાઇલ આવી હતી, જેથી તેમને પોતાનું ચલણ જોવા ફાઇલ ઓપન કરી પોતાનો મોબાઇલ નંબર નાખ્યો હતો. બાદમાં ઓટીપી આવતાં ઓટીપી નાખ્યો હતો. જો કે, આગળ કોઇ -ોસિજર ન થતાં તેઓ એપમાંથી બહાર નીકળી ગયા હતા.

બાદમાં તેમનો ફોન હેક થઇ ગયો હતો અને વિમલભાઇ તથા તેમની પત્નીના ખાતામાંથી ૩.૧૦ લાખ ઉપડી ગયા હતા. વિમલભાઇએ જહાંગીરપુરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો.જો ભૂલથી એપીકે ફાઇલ ઈન્સ્ટોલ થઈ જાય તો ફોનનું ઈન્ટરનેટ બંધ કરી દો. પછી સેટીંગ એપમાં જાઓ. તાજેતરમાં ઈન્સ્ટોલ થયેલી એપને અનઇસ્ટોલ કરો. આવી એપ્સ સેટીંગ ફોર સીસ્ટમ અપડેટ નામે છુપાયેલી હોય છે. એસેસીબીલીટી અને પરમીશન પણ ચેક કરી બાદમાં બીનજરૂર પરવાની બંધ કરી દેવી જોઇએ.

# જંગલેશ્વરમા ૮૭ હજાર ચોરસ મીટર વિસ્તારોમાં દબાણોનો થશે સફાયો

**શહેર પોલીસ, એસ.આર.પી, મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા વહેલી સવારથી જ ફટ પેટ્રોલિંગ, રહેવાસીઓને દબાણ ખાલી કરવા સમજાવટ : ત્રણ દિવસ ડ્રોન સહિતના આકાશી ઉપકરણો પર પ્રતિબંધ**





## સોમવારથી ૧૪૮૯ દબાણો જેટલા મકાન દુકાનો તબક્કાવાર દૂર કરાશેઃ ડિમોલિશન પુર્વે જંગલેશ્વર પોલીસ છાવણીમાં ફેરવાયું

રાજકોટ, તા. ૨૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર, આજી નદી પટ અને ટીપી રોડ પર ખડકાયેલા ૧૪૯૫ જેટલાં ગેરકાયદે બાંધકામો દુર કરવા માટે શરૂ કરાયેલી કાર્યવાહી વચ્ચે છેલ્લા બે દિવસથી સમગ્ર શહેરમાં ઓપરેશન જંગલેશ્વર ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. ડિમોલિશન દરમિયાન કાંકરી ચાળો ન થાય તે માટે સમગ્ર વિસ્તાર ડિમોલિશનના ૪૮ કલાક અગાઉ જ સમગ્ર જંગલેશ્વર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાયો છે અને લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસ કમિશનર દ્વારા ડિમોલિશન કામગીરીને ધ્યાનમાં રાખીને તારીખ ૨૩, ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી ત્રણ દિવસ ડ્રોન સહિતના કેટલાક આકાશી ઉપકરણો ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. દરમિયાન આજે મહાનગરપાલિકાના અધિકારીઓ, ફાયર બ્રિગેડ અને શહેર પોલીસ દ્વારા વહેલી સવારથી જ જંગલેશ્વર વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ શરૂ કરીને દબાણકર્તાઓને જગ્યા ખાલી કરવા સમજાવી રહ્યા છે.

બીજી બાજુ અનેક રહેવાસીઓએ જાતે જ ગેરકાયદેસર દબાણો તોડવાની કામગીરી શરૂ કરી છે. અને માલ સામાન સાથે વિસ્તાર ખાલી કરી રહ્યા છે. જંગલેશ્વર વિસ્તારમાં ખડકાયેલા દબાણો દુર કરવા મુદ્દે ગઈકાલે હાઈકોર્ટ દ્વારા વધુ સુનાવણી માટે તા.૨૭મીની મુદત આપવામાં આવી છે. પણ, ડિમોલિશન માટે કોઈ સ્ટે નહીં આપતાં મહાનગર પાલિકા માટે ડિમોલિશનનો માર્ગ મોકળો થયો છે. ગઈકાલે કરાયેલી જાહેરાત આજે મુજબ મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ, પોલીસ વિભાગ, ફાયર બ્રિગેડની ટીમને વહેલી સવારે ૭ વાગ્યાથી જ શેઠ હાઈસ્કૂલ અને શાળા નં.૭૦માં એકત્ર કરવામાં આવ્યા હતા. અને ત્યાંથી સામુહિક રીતે જંગલેશ્વર વિસ્તારમાં જઈને અલગ અલગ ઝોન વાઈઝ ટીમ બનાવીને ફૂટ પેટ્રોલીંગ શરૂ કરવામાં આવ્યું હતું. શહેરના ભક્તિનગર સર્કલ પાસે શેઠ હાઈસ્કૂલમાં મોટી સંખ્યામાં કોર્પોરેશનના અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ તેમજ કર્મચારીઓને એકત્ર કરીને સામુહિક રીતે વહેલી સવારથી જ ફૂટ પેટ્રોલીંગ શરૂ કરીને જંગલેશ્વર વિસ્તારના નાગરિકોને દબાણ ખાલી કરવા સમજાવાયા હતા.

મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણી, પથિક પટેલ, હર્ષદ પટેલ, મહેશભાઈ જાનીની આગેવાની અને માર્ગદર્શન હેઠળ અલગ અલગ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા દબાણકર્તા લોકોને જગ્યા ખાલી કરવા સમજાવી રહ્યા છે. મહાનગર પાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ પોલીસ વિભાગના ૧૫૦૦ જેટલાં અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો સાત ઝોનમાં જંગલેશ્વર શેરી નં. ૧ થી ૭૮, નાડોદા નગર સહિતના વિસ્તારોમાં આજે આખો દિવસ ફૂટ પેટ્રોલિંગ ચાલુ રાખવામાં આવ્યું હતું.

વોર્ડ નં.૧૬માં આવેલા જંગલેશ્વર સહિતના વિસ્તારોમાં લાંબા સમયથી ટીપી રોડ પરના દબાણો દુર કરવા મહાનગરપાલિકા દ્વારા અવાર નવાર નોટિસો આપવામાં આવી હતી. પણ, કોઈને કોઈ કારણોસર આ દબાણો દુર થયાં નથી. હવે કમિશનર તુષાર સુમેરાએ જંગલેશ્વરમાં ફેલાવેલા ૧૪૯૫ જેટલાં દાણા દુર કરવા બીડું ઝડપ્યું છે. અને તેઓના માઇક્રો પ્લાનિંગ વચ્ચે સોમવારથી સંભવતઃ સળંગ ત્રણ દિવસ સુધી મેગા ડિમોલિશન થવાનું છે ત્યારે જંગલેશ્વર વિસ્તારમાં ૪૮ કલાક અગાઉથી જ લોખંડી સુરક્ષા કવચ ઉભું કરી દેવામાં આવ્યું છે. આજ સવારથી મહાનગરપાલિકાના ત્રણેય ઝોનના ડે. કમિશનરોની આગેવાની નીચે દબાણ હટાવ શાખા, વિજીલન્સ, ફાયર બ્રિગેડ સહિતની ટીમ દ્વારા ફૂટ પેટ્રોલિંગ શરૂ કરાયું હતું.

ગઈકાલ સવારથી શરૂ થયેલું ફૂટ પેટ્રોલિંગ અલગ અલગ સાત ઝોનમાં ટીમ વાઈઝ સાંજના છ વાગ્યા સુધી ચાલુ રહ્યું હતું. આવતીકાલે પણ ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવશે. જંગલેશ્વરમાં ફેલાયેલી ૩૮ જેટલી નાની મોટી સોસાયટીઓની શેરી ગલીઓમાં તંત્ર ફરી વળ્યું હતું અને માઇક દ્વારા લોકોને સોમવારે ડિમોલિશન થવાનું હોય જગ્યા ખાલી કરી દેવા તાકીદ કરવામાં આવી હતી.

મહાનગરપાલિકા દ્વારા અગાઉ કરાયેલી જાહેરાત મુજબ સોમવાર વહેલી સવારથી જ જંગલેશ્વર, આજી નદી પટ અને ટીપી સ્કીમ નં. ૬ હેઠળના ૧૫ મીટર ટીપી રોડ પરના દબાણો દુર કરવા માટે બુલડોઝર ફરવાનુ શરૂ કરી દેવાશે. મહાનગરપાલિકાએ આ ડિમોલિશન માટે તા. ૧૮ના રોજ જંગલેશ્વરના દબાણો દુર કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી ત્યારથી જ આ મામલો ટોક ઓફ સિટી બન્યો છે. સાથોસાથ શનિ અને રવિવારના દિવસ દરમિયાન જો કોઈ રહેવાસી દબાણ ખાલી કરવા અને સામાનની હેરફેર માટે ટ્રેક્ટરની માગણી કરશે. તો તેઓને ટ્રેક્ટર ફાળવવાની વ્યવસ્થા પણ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ટાઉન પ્લાનિંગ યોજના નંબર ૬ હેઠળના ૧૫ મીટર પહોળા રોડની માર્ગ રેખામાં આવતા ગેરકાયદે બાંધકામો દુર કરવા મેગા ડિમોલિશનની તૈયારીઓ હવે આખરી તબક્કામાં છે. આ વચ્ચે હાઈકોર્ટમાં કરાયેલી અરજીઓ મામલે સુનાવણી દરમિયાન હાઈકોર્ટ દ્વારા કોઈ સ્ટે આપવામાં આવ્યો નથી. હાઈકોર્ટમાં જુદી જુદી ત્રણ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. આમાં એક અરજી પર ગઈકાલે શુક્રવારે અરજન્ટ સુનાવણી રાખવામાં આવી હતી. સરકાર પક્ષે સમગ્ર મામલે એફિડેવિટ ફાઈલ કરવા સમય માંગવામાં આવતાં અદાલતે સંભવિત ડિમોલિશન સામે કોઈ સ્ટે આપ્યા વગર વધુ સુનાવણી તા. ૨૭ મીએ મુકરર કરતાં મહાનગરપાલિકા માટે ડિમોલિશનનો માર્ગ મોકળો બની ગયો છે. મહાનગર પાલિકા દ્વારા દબાણકર્તાઓને અગાઉ પણ બે થી ત્રણ વખત નોટિસ આપી સ્વૈચ્છિક રીતે દબાણો દુર કરવા તક આપવામાં આવી હતી.

કમિશનર તુષાર સુમેરાએ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે આજી નદી કાંઠા વિસ્તારને ગેરકાયદેસર દબાણોથી મુક્ત કરવા અને ભવિષ્યમાં પૂર જેવી પરિસ્થિતિઓથી બચાવ માટે મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાની વિશાળ કામગીરી માટે સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે સોમવાર તા.૨૩મીથી જંગલેશ્વર વિસ્તારમાં મેગા ડિમોલિશન શરૂ થવાનું છે જેમાં આજી નદી પટ્ટા વિસ્તારમાં આશરે ૫૫,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ગેરકાયદે બનેલા ૯૯૨ મકાનો દુકાનો તેમજ ટી.પી. રોડ વિસ્તારમાં આશરે ૩૨,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ખડકાયેલા ૪૯૭ દૂકાનો અને મકાનો મળીને આશરે ૮૭,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં આવેલી ૧૪૮૯ જેટલા મકાન દુકાનો તબક્કાવાર દૂર કરવામાં આવશે. જો નિર્ધારિત સમય મર્યાદામાં દબાણ દૂર કરવામાં નહીં આવે તો સોમવાર તા.૨૩ ફેબ્રુઆરીથી મહાનગરપાલિકા દ્વારા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. કામગીરીનો ખર્ચ સંબંધિત મિલ્કતધારક પાસેથી વસુલવામાં આવશે. સામગ્રીના નુકસાન માટે પણ સંબંધિત વ્યક્તિ જવાબદાર રહેશે. કાયદેસર જોગવાઈઓ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

તેઓએ કહ્યુ હતું કે, મહાનગરપાલિકા દ્વારા જો કોઈ નાગરિક સ્વૈચ્છિક રીતે ગેરકાયદેસર દબાણો દૂર કરવા ઇચ્છે, તો મનપા દ્વારા શક્ય હોય ત્યાં નાની મશીનરી સાધન ઉપલબ્ધ કરાવવામાં સહાય, મલબા ઉઠાવવાની વ્યવસ્થા, માર્ગદર્શન માટે અધિકારીઓની હાજરી, સુરક્ષિત રીતે રચનાઓ દૂર કરવા તકનીકી માર્ગદર્શન આપવામાં આવશે.,

તેમણે કહ્યું હતું કે, જંગલેશ્વર વિસ્તારમાં સમગ્ર કામગીરીને સુવ્યવસ્થિત રીતે પાર પાડવા વિસ્તારને સાત ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. દરેક ઝોનમાં વર્ગ-૧ સહિતના અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. તકનીકી સ્ટાફ, સુપરવાઈઝર અને ફીલ્ડ કર્મચારીઓની ટીમ ઝોન વાઈઝ જવાબદારી અને કામગીરીનું મોનિટરીંગ કરવામાં આવશે. ડીમોલેશન દરમિયાન મહાનગરપાલિકા દ્વારા વિશેષ કંટ્રેલ રૂમ સ્થાપિત કરવામાં આવશે. તમામ સાત ઝોનમાંથી માહિતી પ્રાપ્ત કરાશે. અને, અધિકારીઓ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવશે અને જરૂરી માર્ગદર્શન અને તાત્કાલિક નિર્ણય પ્રક્રિયા તેમજ જાહેર સલામતી અને સંકલન માટે કેન્દ્રિય નિયંત્રણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. ડિમોલિશન માટે ૬૪ થી વધુ ઉંઈઇ મશીનો, ૮૪ ટ્રેક્ટર, ૭ હિટાચી મશીન, ૫૦ ટ્રેક્ટર બ્રેકર, ૪૨ ગેસ કટર, ૧૪ ડમ્પર અને મોટી સંખ્યામાં મજૂરો, ટેકનિકલ સ્ટાફ અને સુપરવિઝન ટીમની વ્યવસ્થા કરવામાં આવી છે. સુનિશ્ચિત આયોજન સાથે ઝોનવાઈઝ અને તબક્કાવાર કાર્યવાહી હાથ ઘરવામાં આવશે.





## ડિમોલિશન પુર્વે લોકો જાતે જ દબાણ દૂર કરવા લાગ્યા

જંગલેશ્વરમા સોમવારથી મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવનાર છે એ પહેલાં અનેક પરિવારો જાતે જ પોતાનો વર્ષો જુનો આશરો જાતે જ તોડવા માંડ્યાં છે. એટલું જ નહીં પરંતુ પોતાની ઘર વખરી અને અન્ય સામાન સાથે આ વિસ્તારને અલવિદા કહી રહ્યા છે. નાના બાળકો પણ પોતાના પરિવારને મદદરૂપ બની માલ સામાનની હેરફેર કરી રહ્યા છે.

## જંગલેશ્વરમા કંઇ કંઇ જગ્યાએ ડિમોલિશન થશે?

- એકતા કોલોની શેરી નં.૪થી જંગલેશ્વર શેરી નં.૨ સુધી
- જંગલેશ્વર શેરી નં.૨થી જંગલેશ્વર શેરી નં.૨૨ સુધી
- જંગલેશ્વર શેરી નં. ૨૨થી જંગલેશ્વર શેરી નં.૨૯-૩૦ સુધી
- સરદાર પટેલ સ્મશાનથી જંગલેશ્વર શેરી નં.૧૫ સુધીનો ૧૫૦૦ મીટર પહોળાઈનો રસ્તો
- જંગલેશ્વર શેરી નં.૧૫થી બુદ્ધનગર શેરી નં. ૧
- બુદ્ધનગર શેરી નં.૧, જય ભીમરાવ ચોકથી રાધા કૃષ્ણનગર શેરી ૧૮ સુધી
- રાધા કૃષ્ણનગર શેરી નં. ૧૮થી (પૂજા પાર્ક) નાડોદા નગર મેઈન રોડ સુધી

## આટલા સાધનો – મજૂરો કામે લાગશે

| | |
|---|---|
| – ૨૧ | જેસીબી |
| – ૦૨ | હિટાચી |
| – ૨૬ | ટ્રેક્ટર |
| – ૧૫૦ | જેટલા મજૂર |
| – ૩૮ | ગેસ કટર |
| – ૧૮ | ટ્રેકટર બ્રેકર |

## ડિમોલિશન સમયે ૨૫૦૦ પોલીસ જવાનોનો બંદોબસ્ત

- પોલીસ કમિશનર
- એડિ.પોલીસ કમિશનર
- ૪ ડીસીપી
- ૮ Dy.S.P.
- PI-PSI
- TRB અને SRP
- મહાનગર પાલિકાના ૧૧૦૦ થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ.